Wednesday, 02 July 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦
કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः ॥




તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી
RNI No. DDGUJ/2003/13906
દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com
દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૭૧ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ સાતમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દેહદાન દ્વારા માનવતાની અણમોલ સેવાઃ વાપી જીઆઈડીસીના ગોપાલદાસ પારેખના પાર્થિવ શરીરનું નમો હોસ્પિટલને મળેલું દેહદાન



**સ્વ. ગોપાલદાસ પારેખના પાર્થિવ દેહના દાન સમયે પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને આગેવાન સમાજસેવક પદ્મશ્રી ગફુરભાઈ એમ. બિલખિયાની રહેલી પ્રેરક ઉપસ્થિતિ**

**સ્વ. ગોપાલદાસ પારેખનું આ મહાન કાર્ય માનવતાની સેવામાં એક ઉમદા ઉદાહરણ રહેશે અને પારેખ પરિવારે લોકોના વ્યાપક હિતમાં અને પ્રેરણાદાયી લીધેલા નિર્ણય બદલ નમો મેડિકલ કોલેજ અને સમગ્ર આરોગ્ય વિભાગ તેમના કાર્યને નમન કરતુ હોવાનું સી.ઈ.ઓ. ડો. વી.કે.દાસે જણાવ્યું હતું**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૧**

આજે ૧લી જુલાઈની સાંજે ૫:૦૦ વાગ્યે વલસાડ જિલ્લાના વાપી જી.આઈ.ડી.સી. ખાતે રહેતા ગોપાલદાસ હરકિશનદાસ પારેખનું પાર્થિવ શરીર દેહદાનના રૂપમાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ - સેલવાસને મળતાં મેડિકલ એજ્યુકેશન ક્ષેત્રના વિદ્યાર્થીઓને માનવ શરીરની સંરચનાને ઊંડાઈથી સમજવા અને જીવનરક્ષક સેવાઓમાં નિપૂણતા પ્રાપ્ત કરવા સહાયક સિદ્ધ થશે. સ્વ. ગોપાલદાસ હરકિશનદાસ પારેખના સુપુત્ર શ્રી અશોક પારેખ દ્વારા આ પુણ્ય કાર્ય સંપન્ન કરાયું હતું. સ્વ. ગોપાલદાસ પારેખના પાર્થિવ દેહના દાન સમયે પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ અને આગેવાન સમાજસેવક પદ્મશ્રી ગફુરભાઈ એમ. બિલખિયાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી, જેમણે આ માનવીય કાર્યને ઔર અધિક પ્રેરક બનાવ્યું હતું. દેહદાનની પ્રક્રિયામાં લાયન્સ ક્લબ વાપીના શ્રી જે.આર.શાહે પારેખ પરિવાર સાથે સમન્વય સ્થાપિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

આ કાર્યક્રમમાં નમો મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ-સેલવાસના વિદ્યાર્થીઓ, પ્રાધ્યાપકો, આરોગ્ય વિભાગના સલાહકાર અને મેડિકલ કોલેજના સી.ઈ.ઓ. ડૉ. વી.કે.દાસ, કોલેજના ડીન સહિત અનેક ગણમાન્ય લોકો ઉપસ્થિત રહ્યા હતા. સ્વ. ગોપાલદાસ પારેખનું આ મહાન કાર્ય માનવતાની સેવામાં એક ઉમદા ઉદાહરણ રહેશે અને પારેખ પરિવારે લોકોના વ્યાપક હિતમાં અને પ્રેરણાદાયી લીધેલા નિર્ણય બદલ નમો મેડિકલ કોલેજ અને સમગ્ર આરોગ્ય વિભાગ તેમના કાર્યને નમન કરતુ હોવાનું પણ જણાવાયું છે.

### ૩૬ વર્ષની સુદીર્ઘ અને નિષ્કલંક સેવા બાદ

## દમણ-દીવ સ્ટેટ કો.ઓ. બેંકના જનરલ મેનેજર દેવાંગભાઈ દેસાઈને અપાયું નિવૃત્તિ વિદાયમાન

**બેંક પરિવારમાં છવાઈ ગમગીનીઃ દેવાંગભાઈ દેસાઈએ પોતાના કાર્યકાળ દરમિયાન બેંકની ગરિમા અને શાખ વધે તેવા કરેલા અનેક પ્રયાસો**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૧**

ધ દમણ એન્ડ દીવ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક લિમિટેડના જનરલ મેનેજર શ્રી દેવાંગભાઈ અમૃતલાલ દેસાઈ ૩૬ વર્ષની સુદીર્ઘ અને નિષ્કલંક સેવા બાદ આજે વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં બેંક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

શ્રી દેવાંગભાઈ દેસાઈએ ગોવા સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ક્લાર્ક તરીકે ૧૬મી મે, ૧૯૮૯ના રોજ પોતાની સેવાનો આરંભ કર્યો હતો, ત્યારથી લઈ નિવૃત્તિના દિવસ સુધી દરેક પોઝિશન ઉપર પોતાની ઉમદા સેવા આપી હતી અને દરેક પદને સ્વચ્છ પ્રતિભા સાથે પ્રમાણિકતાથી ન્યાય પણ આપ્યો હતો.

શ્રી દેવાંગભાઈ દેસાઈએ પોતાના કાર્યકાળ દરમિયાન ક્લાર્કથી લઈ ગ્રેડ-૨ ઓફિસર, ગ્રેડ-૧ ઓફિસર, સિલેક્શન ગ્રેડ ઓફિસર અને છેલ્લે જનરલ મેનેજરના પદ ઉપરથી નિવૃત્ત થયા હતા.

શ્રી દેવાંગભાઈ દેસાઈએ પોતાના ઉચ્ચ અધિકારીઓ અને નીચેના સ્ટાફ સાથે પણ ખુબ જ ઉષ્માભર્યો સંબંધ કેળવી બેંકની પ્રગતિમાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. ધ દમણ અને દીવ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક તરીકે અસ્તિત્વમાં આવ્યા બાદ બેંકની શાખ સતત વધતી રહે એવા પણ તેમણે સભાન પ્રયાસો કર્યા હતા.

નિવૃત્તિ વિદાયમાન દરમિયાન સ્ટાફના દરેક સભ્યોએ શ્રી દેવાંગભાઈ દેસાઈને નિરોગી અને સુદીર્ઘ જીવનની કામના કરી હતી.

આ પ્રસંગે શ્રી દેવાંગભાઈ દેસાઈએ પોતાના ૩૬ વર્ષના કાર્યકાળને વાગોળી ધ દમણ અને દીવ સ્ટેટ કો-ઓપરેટિવ બેંક વધુમાં વધુ પ્રગતિ કરે અને જ્યારે પણ જરૂર પડે ત્યારે તેમનું માર્ગદર્શન બેંક સાથે રહેશે એવો ભરોસો પણ પોતાના સાથી કર્મચારીઓને આપ્યો હતો.

### ''એક જાહેર કલ્યાણ પહેલ'' હેઠળ અદાણી ફાઉન્ડેશનના સહયોગથી સ્થાપિત

## સેલવાસની નમો હોસ્પિટલ પરિસરમાં 'હીરાબાઈ અન્નપૂર્ણા ભવન'નું ભવ્ય ઉદ્‌ઘાટન કરાયું

**હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના પરિવારોને મફત અને પૌષ્ટિક ખોરાક પૂરો પાડવાનો આશય**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૦૧**

સેલવાસની નમો હોસ્પિટલ પરિસરમાં અદાણી ફાઉન્ડેશનના સહયોગથી સ્થાપિત 'હીરાબાઈ અન્નપૂર્ણા ભવન'નું આજે ૧લી જુલાઈના મંગળવારે સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલ્લભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ મુખ્ય ચિકિત્સા અધિકારી ડૉ. શૈલેષ અર્લેકરના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે, તમામ વિભાગોના વડાઓ, આરોગ્ય સલાહકાર ડૉ. વી.કે. દાસ, તમામ સિસ્ટર ઈન્ચાર્જ, અદાણી ફાઉન્ડેશનના સભ્યો અને હોસ્પિટલ સ્ટાફ હાજર રહ્યા હતા. તમામ આ પહેલની પ્રશંસા કરી હતી અને તેને આરોગ્ય ક્ષેત્રે એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

'હીરાબાઈ અન્નપૂર્ણા ભવન'નો મુખ્ય ઉદ્દેશ્ય હોસ્પિટલમાં દાખલ દર્દીઓ અને તેમના પરિવારોને મફત અને પૌષ્ટિક ખોરાક પૂરો પાડવાનો છે. આ જાહેર કલ્યાણ સુવિધા દર્દીઓ તેમજ તેમના પરિવારોની સંભાળ માટે મોટી રાહત સાબિત થશે.

આજના ઉદ્‌ઘાટન કાર્યક્રમના અંતે, હાજર રહેલા તમામ મહેમાનો, આરોગ્ય કાર્યકરો અને સહાયક સંસ્થાઓનો તેમના અમૂલ્ય યોગદાન અને હાજરી બદલ આભાર માન્યો હતો. આ ઈમારત માત્ર સેવાની ભાવનાનું પ્રતીક નથી પણ 'સ્વસ્થ સમાજ' તરફ એક પ્રેરણાદાયી પહેલ પણ છે.

## કોઈપણ રાજ્ય કે પ્રદેશની સાચી સમૃદ્ધિનું આકલન તેની સંપત્તિથી નહીં પરંતુ સરકાર દ્વારા સંચાલિત શૈક્ષણિક સંસાધનો અને તેની ગુણવત્તાથી થતું હોય છે

**સંઘપ્રદેશ દાનહ અને દમણ-દીવમાં પ્રાથમિકથી લઈ ઉચ્ચ ડિગ્રી સુધીના વૈવિધ્ય સભર સરકારી શૈક્ષણિક સંસાધનો ગુણવત્તા સાથે વિકસતા પ્રદેશના યુવાનોનું સમૃદ્ધ અને સુરક્ષિત બનેલું ભવિષ્ય**

**સંઘપ્રદેશમાં આવેલી શૈક્ષણિક ક્રાંતીનું શ્રેય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદની સાથે પ્રશાસક પ્રફુલભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિ અને પ્રદેશ પ્રત્યેના તેમના પ્રેમના ફાળે જાય છે**

**સ્પેશ્યલ કોમેન્ટ**
**-મુકેશ ગોસાવી**

વિશ્વવિભૂતિ ભારતરત્ન ડો. બાબા સાહેબ આંબેડકરે જીવનમાં શિક્ષણનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે, '**'શિક્ષા વહ શેરની કા દૂધ હે, જો પીયેગા વહી દહાડેગા''** અને કોઈપણ રાજ્ય કે પ્રદેશની સાચી સમૃદ્ધિનું આકલન તેની સંપત્તિથી નહીં પરંતુ સરકાર દ્વારા સંચાલિત પ્રાથમિકથી લઈ ઉચ્ચ ડિગ્રી સુધીના શૈક્ષણિક સંસાધનો અને તેની ગુણવત્તાથી થતું હોય છે. જ્યાં આ પ્રકારની વ્યવસ્થા હોય તે પ્રદેશના યુવાનોનું ભવિષ્ય તો સલામત રહેવાનું જ અને તેની સાથે સમૃદ્ધિ પણ કદમ ચૂમતી પાછળ આવવાની જ. આ પ્રકારની માન્યતા દેશ અને દુનિયાના પ્રતિષ્ઠિત અર્થશાસ્ત્રીઓની છે.


સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં પ્રાથમિકથી લઈ ઉચ્ચ ડિગ્રી સુધીના વૈવિધ્ય સભર સરકારી શૈક્ષણિક સંસાધનો ગુણવત્તા સાથે વિકસી ચૂક્યા છે. સંઘપ્રદેશમાં શાળામાં પા પા પગલી પાડવા પહેલા તેના શારીરિક અને માનસિક વિકાસ માટે સંપૂર્ણ સુવિધા સજ્જ નંદઘરોના નિર્માણ થયા છે. ત્યાંથી લઈ પ્રિ-પ્રાયમરીથી હાયર સેકન્ડરી સુધીના અભ્યાસ માટે દરેક પ્રકારની વ્યવસ્થા સાથેની સ્કૂલો છે. જેમાં ક્યાંક ક્યાંક વિષય નિષ્ણાંત શિક્ષકોની કમી હતી તેને પૂરવાના પણ પ્રયાસો રાષ્ટ્રીય સ્તરે થઈ રહ્યા છે. જેના કારણે દાદરા નગર હવેલી અને દમણ-દીવના વિદ્યાર્થીને ઉત્તમમાં ઉત્તમ શિક્ષણ પોતાની શાળામાંજ મળી રહે તે પ્રકારનું આયોજન પણ પ્રશાસન દ્વારા થઈ રહ્યું છે. દાદરા નગર હવેલી અને દમણ-દીવના યુવાનોના ભવિષ્યને સમૃદ્ધ કરવાની દિશામાં ઠોસ કાર્ય છેલ્લા દસ વરસોમાં થયું છે. ૨૦૧૪ પહેલા દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષા માટેનું સેન્ટર પણ નહીં હતું. પ્રદેશમાં ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહની બોર્ડની પરીક્ષાના સેન્ટર માટે ૨૦૧૭ સુધી રાહ જોવી પડી હતી, જે સનાતન સત્ય છે. જેમના સંતાનો તે સમયે ધોરણ ૧૨ના વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપતા હતા, ત્યારે દાનહના માંદોની, સિંદોની, રાંધા, સેલવાસ કે દમણથી વાપી સુધી ટ્રાફિકમાં કેવી રીતે સમયસર પહોંચવું તેની ચિંતા રહેતી હતી. ૨૦૧૭માં ફક્ત ધોરણ ૧૨ના સાયન્સ પ્રવાહની પરીક્ષાનું સેન્ટરજ નથી આવ્યું, પરંતુ સાથે સાથે ઉચ્ચ શિક્ષણના અનેક દરવાજા પણ ખુલતા ગયા. સંઘપ્રદેશમાં આવેલી શૈક્ષણિક ક્રાંતીનું શ્રેય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આશીર્વાદ અને સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની દીર્ઘદ્રષ્ટિ અને પ્રદેશ પ્રત્યેના પ્રેમના ફાળે જાય છે. સંઘપ્રદેશમાં શૈક્ષણિક દ્રષ્ટિએ યુવાનોનું ભવિષ્ય સમૃદ્ધ અને સુરક્ષિત બનવાની સાથે તેમને યોગ્ય નોકરી અને વ્યવસાયની તક મળે તે માટે પણ અનેક સરકારી પ્રયાસો તેજ થયા છે. ભૂતકાળમાં રૂપિયા ફેંકવા વગર નોકરી નહીં મળતી હતી, ભરતીની પરીક્ષાના પેપરો ફૂટતા હતા અને સેટ થતાં હતા. નોકરી લગાવવાવાળા દલાલોની મોટી ફૌજ ફરતી હતી. આ પ્રકારના તમામ દુષણો ઉપર અંકૂશ લાવવાનું કામ સંઘપ્રદેશ પ્રશાસને છેલ્લા દસ વર્ષમાં કર્યુ છે. **(ક્રમશઃ)**

**ભૂતકાળમાં રૂપિયા ફેંકવા વગર નોકરી નહીં મળતી હતી, ભરતીની પરીક્ષાના પેપરો ફૂટતા હતા અને સેટ થતાં હતા, નોકરી લગાવવાવાળા દલાલોની મોટી ફૌજ ફરતી હતી, આ પ્રકારના તમામ દુષણો ઉપર અંકૂશ લાવવાનું કામ સંઘપ્રદેશ પ્રશાસને છેલ્લા દસ વર્ષમાં કરતા યોગ્ય અને ગુણવત્તાસભર લાયકાત ધરાવતા ઉમેદવારોને વગર પૈસે તક મળી છે**

### એક્સ્ટ્રા કોમેન્ટ

માંડ સાત લાખ કરતા પણ ઓછી વસતી ધરાવતા દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સરકારી મેડિકલ કોલેજ, ડિગ્રી એન્જિનીયરીંગ કોલેજ, બબ્બે નર્સિંગ કોલેજ, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેક્નોલોજી, ટ્રીપલ આઈટી, હોટેલ મેનેજમેન્ટ, નેશનલ લો કોલેજ, બી.એ, બી.કોમ, બી.એસ.સી.-પોસ્ટ ગ્રેજ્યુએશનની કોલેજ સહિત પોલીટેક્નીક તથા અનેક વ્યવસાયી અભ્યાસક્રમોની કોલેજ કાર્યરત છે. સંભવતઃ દેશનો આ પ્રથમ પ્રદેશ છે, જ્યાં લગભગ તમામ પ્રકારની સરકારી શૈક્ષણિક કોલેજો અને સુવિધાઓ ઉપલબ્ધ છે.

## પ્રાર્થના સભા



રાજપુત અવસાન

**સ્વ.મોહનસિંહ ભાણાભાઈ ચૌહાણ**

મોક્ષગમન તારીખ-૨૭/૦૬/૨૦૨૫
સદ્‌ગતની પ્રાર્થના સભાઃ ગુરૂવાર તારીખ ૦૩/૦૭/૨૦૨૫
સમય બપોરે ૨:૦૦ કલાક થી ૫:૦૦ કલાક સુધી
સ્થળઃ સભા ગૃહ, દમણગંગા વેલી રિસોર્ટ,
સિલવાસા નરોલી રોડ, સિલવાસા

મહેશસિંહ મોહનસિંહ ચૌહાણ (પુત્ર)
ધર્મેશસિંહ મોહનસિંહ ચૌહાણ (પુત્ર)
ભારતસિંહ વલ્લભસિંહ પરમાર (જમાઈ)
દિવ્યરાજસિંહ મહેશસિંહ ચૌહાણ (પૌત્ર)
મહાવીરસિંહ ભારતસિંહ ગોહિલ (દોહિત્ર જમાઈ)
આશિષસિંહ ભારતસિંહ પરમાર (દોહિત્ર)
દેવરાજસિંહ ધર્મેશસિંહ ચૌહાણ (પૌત્ર)
ક્રિષ્ણરાજસિંહ ધર્મેશસિંહ ચૌહાણ (પૌત્ર)
સુમિત્રાબા મહેશસિંહ ચૌહાણ (પુત્રવધૂ)
નિમિષાબા ધર્મેશસિંહ ચૌહાણ (પુત્રવધૂ)
ભારતીબા ભારતસિંહ પરમાર (પુત્રી)
ઈશાબા દિવ્યરાજસિંહ ચૌહાણ (પૌત્રવધૂ)
ધ્વનિબા મહાવીરસિંહ ગોહિલ (દોહિત્રી)
કૃતિકા મહેશસિંહ ચૌહાણ (પૌત્રી)
માઈશા દિવ્યરાજસિંહ ચૌહાણ
અથર્વ મહાવીરસિંહ ગોહિલ




## સુવિચાર - સદ્‌વિચાર

યોગ્ય કાર્ય યોગ્ય સમયે કરવું જીવનનો મર્મ છે.

## કવિતા

### તમે કિનારે ચૂપ

ભીતર દરિયા ખળભળતા ને
તમે કિનારે ચૂપ.
તમે ગયાં ને ફૂલદાનીમાં
ફૂલો નહીં પણ શૂલ,
કારણ નહીં ને ભમે અબોલા
કેવી થઈ ગઈ ભૂલ.
સાવ સુંવાળી હથેળીઓમાં
ખોડી બેઠા કૂપ.
ભીતર દરિયા ખળભળતા ને
તમે કિનારે ચૂપ.
કાજળમાં ઓગળતી રાતો
અને નીતરતાં ગીત,
આવો કહીને અળગાં રહેતાં
મળતાં એવાં સ્મિત.
ઝાકળ વચ્ચે તડકો કે આ
રમે તમારાં રૂપ.
ભીતર દરિયા ખળભળતા ને
તમે કિનારે ચૂપ.

- ફિલિપ ક્લાર્ક

## આજની જોક

દો મહિલાએ બાત કર રહી થી
પહલી બોલી : બહુત સાલ પહેલે મુજે એક બાબા મિલે થે,
ઉન્હોને કહા થા કી ભગવાન તુજે ઈતના ઈતના દેગા
કી સંભાલા નહી જાયેગા...
દુસરી મહિલા બોલી: ફીર ક્યા હુઆ?
પહલી બોલી : અબ પતા ચલા વો બાબા વજન કી બાત કર રહા થા..

## કબીર વાણી

**રાતા માતા નામકા, પિયા પ્રેમ અઘાય,**
**મતવાલા દીદારકા, માંગે મુક્તિ બલાય.**

**- અર્થાત-**

કબીરજી કહે છે કે જે મનુષ્ય પ્રભુના નામના રસથી ડૂબીને રાતોમાતો થયો છે અને જેણે પ્રેમને ધરાઈને પીધો છે. એવો પ્રભુ દર્શનનો તરસ્યો માણસ મુક્તિ માગતો નથી.

## આજનો દિન વિશેષ

### જયશ્રી બેનર્જી



જયશ્રી બેનર્જી (જન્મ ૨ જુલાઈ ૧૯૩૮) મધ્ય પ્રદેશના ભારતીય જનતા પાર્ટીના નેતા અને ભૂતપૂર્વ સંસદ સભ્ય છે.

તેણીએ ૧૯૭૨માં જબલપુર છાવણી બેઠક પરથી જનસંઘના સભ્ય તરીકે મધ્ય પ્રદેશ વિધાનસભાની ચૂંટણી લડી હતી પરંતુ હારી ગઈ હતી. તેણી ૧૯૭૭ (જબલપુર સેન્ટ્રલ, જનતા પાર્ટીના સભ્ય, પૂર્વ-ભાજપ દિવસો), ૧૯૯૦ અને ૧૯૯૩ માં પશ્ચિમ જબલપુરથી મધ્ય પ્રદેશ વિધાનસભા માટે ચૂંટાઈ હતી. તેણીએ ૧૯૭૭ થી ૧૯૮૦ સુધી મધ્ય પ્રદેશ સરકારમાં કેબિનેટ મંત્રી તરીકે સેવા આપી હતી. તે જબલપુરથી ચૂંટાયેલી ૧૩મી લોકસભા (૧૯૯૯-૨૦૦૪)ની સભ્ય હતી. તે વર્તમાન ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાની સાસુ છે.

## આજની બ્યુટી ટીપ્સ

### ચોમાસામાં વાળ અને ત્વચાની સંભાળ રાખવા માટે આ ઘરેલું ઉપાયો અજમાવો



ચોમાસાના ભેજને કારણે ખીલ, ઓઈલી ત્વચા, ખીલ અને વાળ ખરવા સામાન્ય છે. જો તમે ત્વચા અને વાળની સમસ્યાઓથી છુટકારો મેળવવા માંગો છો, તો અમે તમને કેટલાક ઘરેલૂ ઉપાયો જણાવી રહ્યા છીએ.

ચોમાસાની ઋતુમાં ત્વચા અને વાળની ખાસ કાળજી લેવી જરૂરી છે. આ સિઝનમાં ભેજ અને પરસેવાના કારણે ત્વચા અને વાળની સમસ્યા વધી જાય છે. ઓઈલી ત્વચા,ખીલ, બ્રેકઆઉટ, વાળ ખરવા વરસાદમાં સામાન્ય છે. પુરુષો અને સ્ત્રીઓ બંને આનાથી પરેશાન છે. જો કે, બજારમાં ઘણા પ્રકારના ઉત્પાદનો છે.

પરંતુ તેમને લાંબા સમય સુધી લગાવવાથી આડઅસર પણ થઈ શકે છે. આવી સ્થિતિમાં, મોટાભાગના લોકો તેમના સ્થાને કુદરતી અથવા ઘરેલું ઉપચાર લાગુ કરવાનું પસંદ કરે છે. જો તમે પણ ત્વચા અને વાળની સમસ્યાઓ દૂર કરવા માંગો છો, તો અમે તમારા માટે કેટલાક ઉપાયો લાવ્યા છીએ. ચામડીના પોર્સ બંધ કરવા અને ફંગલ ઈન્ફેક્શન ઘટાડવા માટે એસ્પિરિનની અડધી ગોળી તોડીને કાકડીના પાણીમાં ઓગાળી દો. આ મિશ્રણને સ્પ્રે બોટલમાં નાખો અને અઠવાડિયામાં એકવાર ચહેરા પર લગાવો.

હોમમેઈડ એન્ટી-ઓક્સિડન્ટ બનાવવા માટે ટોમેટો પ્યુરી, એલોવેરા જેલ અને દાડમને સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને તમારા ચહેરા અને ગરદન પર લગાવો અને લગભગ એક કલાક સુધી રહેવા દો અને પછી તેને પાણીથી ધોઈ લો. જો તમારી ત્વચા ઓઈલી હોય તો મુલતાનની માટ્ટીનો ઉપયોગ કરો. આ માટે મુલતાનની માટ્ટી, ચંદન અને લીંબુનો રસ મિક્સ કરીને મિશ્રણ તૈયાર કરો. આ મિશ્રણને ચહેરા પર લગાવો અને લગભગ ૧૫ થી ૨૦ મિનિટ પછી ધોઈ લો.

# ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ના અધ્યક્ષ તરીકે પરિમલ નથવાણીની પુનઃવરણી કરાઈ

## ૪૭મી વાર્ષિક સાધારણ સભામાં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૦૧**

અમદાવાદ : આજે અમદાવાદમાં મળેલી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ની ૪૭મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)માં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. મૂળરાજસિંહ ચુડાસમાની માનદ મહામંત્રી તરીકે તેમજ પ્રદીપસિંહ વાઘેલા, જિગ્નેશ પાટીલ, અરુણસિંહ રાજપૂત તથા ગુણવંતભાઈ ડેલાવાલાની ઉપાધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ દેસાઈની વરણી હનીફ જીનવાલાની જગ્યાએ ઉપાધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી, જ્યારે અંકિત પટેલની વરણી માનદ્ ખજાનચી તરીકે કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા જિલ્લા એસોસિએશન તથા વ્યક્તિઓને જી.એસ.એફ.એ. એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની તર્જ પર શરૂ કરાયા છે.

આ પ્રસંગે જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજયસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, "સમગ્ર ગુજરાતમાં ફૂટબોલને સુલભ અને સાતત્યપૂર્ણ બનાવવાનું અમારું વિઝન અમારા પ્રયાસોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. આ વર્ષ દરમિયાન ગુજરાતના યુવા ખેલાડીઓની ભાગીદારીમાં વધારો જોવા મળ્યો જે આપણી ફૂટબોલ ઈકોસિસ્ટમની ગહનતા અને અનુશાસનનો પુરાવો છે."તેમણે ઉમેર્યું હતું કે, "જી.એસ.એફ.એ. અભિનંદનને પાત્ર છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન, ૨૬ વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું, કુલ ૧૧૬૮ મેચ રમવામાં આવી, અને ૬૪૬૮ ગોલ નોંધાયા. એ.આઈ.એફ.એફ.ના સી.આર.એસ. અન્વયે, ગુજરાતમાં કુલ ૭૪૦૦ જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી ૪૮૩૬એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો.''

અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ અપાયો હતો, ઈન્ટ્રા-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ સુરતને ફાળે ગયો હતો અને બેસ્ટ સપોર્ટિવ ડિસ્ટ્રિક્ટ એવોર્ડ રાજકોટને એનાયત કરાયો હતો. જ્યારે બેસ્ટ પરફોર્મિંગ એક્ટિવ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને મળ્યો હતો. એ.આર.એ. ફૂટબોલ ક્લબ, અમદાવાદ અને નવરચના એસ.એ., વડોદરાને જી.એસ.એફ.એ.ની છત્રછાયા હેઠળ બેસ્ટ પરફોર્મિંગ ફૂટબોલ ક્લબ્સ તરીકે સંયુક્ત વિજેતા ઘોષિત કરાયા હતા. વ્યક્તિગત કેટેગરીમાં, ફૂટબોલ રેફરી ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં રચના કામાણી અને પુરુષ કેટેગરીમાં પ્રતીક બજાજને અપાયો હતો. જ્યારે કોચ ઓફ ધ યર એવોર્ડ મહિલા કેટેગરીમાં ફેલસીના મીરાન્ડા અને પુરુષ કેટેગરીમાં સલીમ પઠાણને ફાળે ગયો. આ પ્રકારે જ ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર એવોર્ડથી નાઝબાનુ શેખ અને કિશન સિંહને સન્માનિત કરાયા હતા. જ્યારે બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ મહિલા કેટેગરીમાં તન્વી માલાણી અને પુરુષ કેટેગરીમાં અમન શાહને અપાયો હતો.

જી.એસ.એફ.એ.ના માનદ મહામંત્રી મૂળરાજસિંહ ચુડાસમાએ વાર્ષિક એક્ટિવિટી રિપોર્ટની સાથે નવા ફૂટબોલ વર્ષ માટેનું કેલેન્ડર રજૂ કર્યું હતું. બોર્ડના સભ્યો સમક્ષ વાર્ષિક હિસાબો અને બેલેન્સશીટ પણ પ્રસ્તુત કરાઈ હતી. એજીએમમાં કારોબારી સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ચુડાસમાએ જણાવ્યું હતું કે "છેલ્લાં ચાર વર્ષમાં ગુજરાત ફૂટબોલે રમતના દરેક પાસામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ગ્રાસરૂટ સ્તરે વિકાસથી માંડીને સ્પર્ધાત્મક સિદ્ધિઓ સુધી જે સફળતા મળી છે તે સહિયારી છે જે હોદ્દા કે ભૂમિકાને ધ્યાનમાં લીધા સિવાય એસોસિએશન સાથે સંકળાયેલા તમામની છે."

# ગાંધીનગરમાં તંત્રના પાપે ૭ વર્ષના માસૂમ બાળકે જીવ ગુમાવ્યો

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ગાંધીનગર,તા.૦૧**

ગુજરાતમાં ચોમાસાના થોડા જ સમયમાં તંત્રની બેદરકારીઓ સામે આવી છે. થોડા સમય પહેલાં અમદાવાદમાં એક આધેડનું તંત્રની બેદરકારીના કારણે ગટરમાં પડી જવાથી મોત નિપજ્યું હતું. જોકે, મંગળવારે (પહેલી જુલાઈ) ગાંધીનગરમાંથી પણ આવી જ એક ઘટના સામે આવી છે. જ્યાં સાત વર્ષના એક બાળકનું મનપા દ્વારા બનાવવામાં આવેલા કૃત્રિમ તળાવમાં પડી જવાથી મોત નિપજ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૧માં નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે નગરપાલિકા દ્વારા નાનકડું કૃત્રિમ તળાવ બનાવવામાં આવ્યું હતું. જોકે, ત્યારબાદ તેની આસપાસ કોઈ બેરિકેડિંગ કે ફેન્સિંગ લગાવવામાં નહતી આવી. આ દરમિયાન સોમવારે સાંજે (૩૦ જૂન) કુલદીપ નામનો સાત વર્ષનો બાળક આ વિસ્તારમાંથી સાઈકલ ચલાવીને જઈ રહ્યો હતો. તે વખતે કુલદીપને આ કૃત્રિમ તળાવમાં પડી ગયો હતો. ગાંધીનગરમાં ભારે વરસાદના કારણે અહીં મોટી માત્રામાં પાણી ભરાયેલું હતું, જેના કારણે બાળક પાણીમાં ડૂબી ગયું અને ત્યાં જ તેનું મોત નિપજ્યું હતું. આખી રાત બાળકને શોધ્યા બાદ વહેલી સવારે સ્થાનિકો દ્વારા બાળકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો.

બાળકના મૃત્યુથી ગ્રામજનો અને પરિવારનો લોકોમાં શોકની લાગણી છવાઈ છે. આ સાથે જ તંત્ર ઉપર પણ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. હજુ તો ચોમાસાની શરૂઆત છે ત્યાં તંત્રની બેદરકારીના કારણે પહેલાં અમદાવાદ અને હવે ગાંધીનગરમાં બે વ્યક્તિના મોત નિપજ્યા છે. એવામાં હજુ ચોમાસામાં આ નિષ્ઠુર તંત્ર કેટલાનો ભોગ લેશે?

## મુંબઈની કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલે

# નેક્સ્ટ-જેનરેડિયેશન ટેક્નોલોજી સાથે કેન્સરની સારવારમાં એક નવીન આયામની શરૂઆત




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૦૧**

મુંબઈની કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ અત્યાધુનિક Radixact® ટ્રીટમેન્ટ ડિલિવરી સિસ્ટમ સાથે તેની રેડિયેશન થેરાપીને અપગ્રેડ કરી ને તેની કેન્સર સારવાર ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કર્યાની જાહેરાત કરતા ગર્વ અનુભવે છે.

આ અત્યાધુનિક ટેક્નોલોજી કેન્સરની સારવારમાં વધુ ચોક્સાઈ, સુરક્ષા અને ઓછી આડ અસર દ્વારા દર્દીઓ માટેના પરિણામોમાં સુધારો કરીને ઓન્કોલોજીમાં હોસ્પિટલની લીડર શિપને મજબૂત બનાવે છે.

Radixact® સિસ્ટમ રેડિયેશન થેરાપીમાં નોંધપાત્ર સુધારો છે જે તંદુરસ્ત કોષસમૂહમાં એક્સપોઝર ઓછું કરે તેવી ચોક્સાઈપૂર્વકની સારવાર પૂરી પાડે છે. બિલ્ટ-ઈનસીટી સ્કેનર સાથે સજ્જ હોવાથી તે રિયલ-ટાઈમ ઈમેજિંગ પૂરી પાડે છે જેથી એ સુનિશ્ચિત થઈ શકે કે ગાંઠ સમગ્ર સારવાર દરમિયાન સાચી જગ્યાએ રહે.

આ સિસ્ટમ વર્સેટાઈલ છે અને શરીરના વિવિધ ભાગોમાં વિવિધ પ્રકારના કેન્સરની સારવાર કરવા માટે સક્ષમ છે. રેડિયેશનના હાઈડોઝને સુરક્ષિત રીતે આપીને Radixact સારવારની અસરકારકતાને વધારે છે. તેની સિન્ક્રોની ટેક્નોલોજી શરીરની હિલચાલ મુજબ અનુરૂપ થઈ જાય છે અને શ્વાસોચ્છવાસ દરમિયાન પણ ચોક્સાઈ જાળવી રાખે છે. આ અભિગમ દર્દીઓ માટે સુરક્ષિત અને વધુ અસરકારક સારવાર અનુભવ સુનિશ્ચિત કરે છે.

Radixact®ને પૂરક બનાવતા કોકિલાબેન હોસ્પિટલ પ્રિસિઝન ઓન્કોલોજી ટેક્નોલોજીઓની ભારતની સૌથી વિશાળ એસેમ્બલીઝ પૈકીની એક ધરાવે છે. તે ૩૦૦થી વધુ નોંધપાત્ર અનુભવ ધરાવતા અને વિશ્વના જાણીતા મલ્ટી ડિસિપ્લિનરી કેન્સર સ્પેશિયાલિસ્ટ્સની ટીમ દ્વારા સમર્થિત છે.

આ ઉપરાંત Radixact સિસ્ટમથી સારવાર દરમિયાન દર્દીની શારીરિક રચના અથવા ગાંઠની ગતિમાં થતા ફેરફારને અનુકૂળ થવાની તેની ક્ષમતા સાથે ગાંઠને શ્વાસ લેવાની પ્રક્રિયા સાથે પણ વધુ સચોટ રીતે લક્ષ્ય બનાવી શકાય છે. આ ઉચ્ચ સુવિધા ઓક્લિનિશિયનને વધુ ચોક્સાઈ તથા કાર્યક્ષમતા સાથે શ્રેષ્ઠ અને પર્સનલાઈઝડ કેર પૂરી પાડવામાં મદદ કરે છે.

કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હોસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ખાતેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સીઈઓ ડો.સંતોષ શેટ્ટીએ જણાવ્યું હતું કે, કોકિલાબેન હોસ્પિટલ ખાતે અમે અમારા દર્દીઓ ખૂબ જ આધુનિક અને અસરકારક સારવાર મેળવે તે સુનિશ્ચિત કરવા માટે અમે તબીબી નવીનતાઓની સીમા ઓને સતત ઓળંગી રહ્યા છીએ. વિશ્વભરમાં વખણાયેલી Radixact® સિસ્ટમ અપનાવવી એ વિશ્વકક્ષાની કેન્સર સંભાળ પૂરી પાડવાની અમારી પ્રતિબદ્ધતામાં એક મોટી છલાંગ દર્શાવે છે.

## સાઉન્ડ શો સહિત વિવિધ વિકાસ કાર્યો હાથ ધરાશે

# ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં; ૧૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ પ્રોજેક્ટની તૈયારી

## આ પ્રોજેક્ટમાં લેઝર શો, શોપિંગ સેન્ટર, પાર્કિંગ, અને બગીચા સહિતના સુવિધાઓનો સમાવેશ થાય છે



**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**રાજકોટ,તા.૦૧**

ગુજરાતની આગવી ઓળખ સમા ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા મંદિરો અને શિલ્પો-સ્થાપત્યોના સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. ત્યારે સૌથી ઐતિહાસિક, પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતા તથા દેશના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સોમનાથ મહાદેવનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ વિકાસ કાર્યોમાં વધુ એક સોપાન ઉમેરી સોમનાથનો પડછાયો ધરાવતા તથા ઐતિહાસિક શૌર્યના સાંસ્કૃતિક પ્રતીક સમા સૌરાષ્ટ્રમાં સોમપિપળિયા ખાતે આવેલા સાડા પાંચસો વર્ષ જુના ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના વિકાસના પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારીઓ સરકારે દર્શાવી છે.

મુઘલ આક્રમણકારીઓ સામે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ કાજે બલિદાન આપીને એક શિવલિંગનું રક્ષણ કરવા માટે અભૂતપૂર્વ શૌર્ય દાખવનારાઓની યશોગાથા સમાન ઘેલા સોમનાથ મહાદેવનું મંદિર સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકામાં સોમપિપળિયા ખાતે આવેલું છે, જેનો ઈતિહાસ આશરે સાડા પાંચસો વર્ષ જુનો મનાય છે. સાંસ્કૃતિક પ્રતીક સમા આ મંદિરમાં સંરક્ષણ-જીર્ણોદ્ધાર તથા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો તો ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યા છે.

ઘેલા સોમનાથ મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજી અહીં નવીનીકરણ-આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ મહત્વના વિકાસ કાર્યો થવાના છે, જેમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળોની જેમ જ હવે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ થવાનો છે. અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો સૌથી મહત્વનો પ્રોજેક્ટ છે. લેઝર એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં

રી શરૂ કરી દીધી છે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ, ઘેલા સોમનાથ મહાદેવ સંકુલ ખાતે લેઝર એન્ડ સાઉન્ડ શો ઉપરાંત મુખ્ય માર્ગ પર રેમ્પના પગથિયા, બંને બાજુ લેન્ડસ્કેપ સાથે, શિવજીના જન્મકથાથી શરુ કરી જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવતા શિલ્પો અને શિવજીના વિવિધ સ્વરૂપોના પથ્થરના ચિત્રપટ મૂકવામાં આવશે.તદુપરાંત, ફ્રન્ટ રોડ સાઈડ કમ્પાઉન્ડ, વોલમાં શણગારાત્મક પથ્થરની કમાન તથા શિવ મહાત્મ્યનું ચિત્રપટ પેઈન્ટિંગ, મુખ્ય મંદિરની સામે મીનળદેવી ટેકરીના પાયાની તળેટી ખાતે શોપિંગ સેન્ટર તેમજ પાર્કિંગ તૈયાર કરવામાં આવશે. આ સાથે હાલ યાત્રાળુઓ માટે પરિસરમાં બેસવાની જગ્યામાં વધારો થશે અને શોપિંગ માટે હાલ રસ્તાની બંને તરફ દુકાનો બનાવવામાં આવશે.

વધુમાં મંદિરમાં પણ રિનોવેશન કરવામાં આવશે, જ્યાં જેમાં ગર્ભગૃહના માર્બલ, કંગરા, અને પ્લિન્થનું ક્લેડિંગ કરવામાં આવશે.આ ઉપરાંત, શ્રદ્ધાળુઓ માટે બેઠક વ્યવસ્થા, મંદિરની આજુબાજુ પાકા માર્ગો, લેન્ડસ્કેપિંગ, બગીચા, શહીદ સ્મારકનું પુનર્નિર્માણ તથા સૌંદર્યીકરણ કરવામાં આવશે. તેવી જ રીતે મુખ્ય માર્ગ, તેની બંને બાજુએ પુનર્નિર્માણ અને રાહ જોવાના સ્થળોનો વિકાસ કરાશે. આ ઉપરાંત, યજ્ઞશાળાનું પુનર્નિર્માણ કરવામાં આવશે. જેથી અહીં પ્રવાસીઓ વધુ આકર્ષાશે અને સ્થાનિકોને પણ રોજગારી મળી રહેશે.નોંધનીય છે કે, ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં ૪ કરોડના ખર્ચે લાઈટ અને સાઉન્ડ શો સહિત કુલ રૂ. ૬ કરોડના ખર્ચે અનેક પ્રકારના આધુનિકીકરણ અને નવીનીકરણ કાર્યો હાથ ધરવાની જાહેરાત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા કરવામાં આવી છે. આ નવીનીકરણ કાર્યો હેઠળ મંદિરના મુખ્ય દ્વાર, પાળિયા સમાધિનો જીર્ણોદ્ધાર કરવામાં આવશે.રાજ્યના મોટાભાગના મુખ્ય ધાર્મિક સ્થળોએ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શોની સુવિધા ઊભી કરાઈ છે. તેવી જ રીતે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર સંકુલ પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શોથી ઝળહળી ઉઠશે અને રાજ્યના અન્ય પ્રવાસન સ્થળોની જેમ ઘેલા સોમનાથ મહાદેવ મંદિર પણ એક સમયે ગુજરાતના ટોપ ફરવાલાયક સ્થળોની યાદીમાં સ્થાન મેળવશે.

# ડો.વિપુલ ચાવડાને લાયન્સ ક્લબના પ્રમુખ બનાવાયા

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૦૧**

લાયન્સ ક્લબ ઓફ દિગ્વિજય નગરનો લાયોનિસ્ટિક વર્ષ ૨૦૨૫૮-૨૬ માટે સ્થાપના સમારોહ ૨૮ જૂન ૨૦૨૫ ના રોજ અમદાવાદના એકા ક્લબ ખાતે યોજાયો હતો. તે એક પ્રતિષ્ઠિત અને આધ્યાત્મિક સાંજ હતી જેમાં સેવા, નેતૃત્વ અને સમાજ પ્રત્યે સામૂહિક પ્રતિબદ્ધતાની ઉજવણી કરવામાં આવી હતી.જેમા લાયન્સ ક્લબના પ્રમુખ ડો.વિપુલ ચાવડા, સેક્રેટરી, જગદીશ ઝા, નવી નિયુક્ત ટીમમાં શામેલ હતા. આ સ્થાપનાનું ભવ્ય સંચાલન ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર, ઈન્સ્ટોલિંગ ઓફિસર ડૉ. યોગેશ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જેતલપુર સ્વામિનારાયણ મંદિરના મહંત આત્મપ્રકાશ સ્વામી. અને વિરેન જે. શાહ, સ્થાપક, સર્જન એસોસિએટએ હાજરી આપી હતી.આ સમારોહ પ્રેરણા, સાંસ્કૃતિક ઉર્જા અને વર્ષના થીમ – "સર્વ મંગલ" દ્વારા ચિહ્નિત થયેલ હતો, જે ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ B3 ના માર્ગદર્શન હેઠળ કવામાં આવ્યો હતો.ક્લબે વર્ષ માટે તેનું સૂત્ર પણ રજૂ કર્યું હતું: "ચૈતન્ય – જીવનની ગતિશીલ શક્તિ", જે આરોગ્ય, યુવા સશક્તિકરણ, મહિલા ઉત્થાન અને શિક્ષણમાં ગતિશીલ પ્રોજેક્ટ્સનું વચન આપે છે.આ કાર્યક્રમમાં લાયન્સ સભ્યો, સમુદાયના નેતાઓ અને મહાનુભાવોની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી, જેઓ બધા "વી સર્વ" ના મિશન દ્વારા એક થયા હતા.

# નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે નવનિર્મિત ભદેલી મોટા ફળિયા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કરાયું

**મંત્રીએ રૂ.૨૪.૯૭ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કેવી ભદેલી જગાલાલા સબ સ્ટેશનનું પણ લોકાર્પણ કર્યું**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વલસાડ તાલુકાના ભદેલી ખાતે અંદાજીત રૂા. ૭૦.૨૭ લાખના ખર્ચે નવનિર્મિત ભદેલી મોટા ફળિયા પ્રાથમિક શાળાનું લોકાર્પણ કર્યુ છે.આ શાળામાં ૬ વર્ગખંડો અને પ્લે એરિયા છે.

લોકાર્પણ પ્રસંગે મંત્રીશ્રીએ સૌને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, વિદ્યાર્થીઓના શિક્ષણ અને સારા ભવિષ્ય માટે આટલા વધુ વરસાદમાં પણ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું. ત્યારે તેમણે ગુજરાતના વિકાસ માટે અનેક કાર્યોની શરૂઆત કરી હતી. શાળા પ્રવેશોત્સવ, વાયબ્રન્ટ ગુજરાત હોય કે પછી સાગરખેડુ યોજના હોય. આ તમામ યોજનાઓ અનેકવિધ લોકો માટે લાભદાયી નીવડી છે. સાગરખેડુ યોજનાથી કાંઠા વિસ્તારના લોકોએ રોજગારીની તકો મળે છે. સાગરખેડુ યોજના અંતર્ગત ભદેલી-જગાલાલા ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનનું નિર્માણ થયું છે. જેના કારણે અહીંના લોકોને સાતત્યપૂર્ણ અને વિના વિક્ષેપે વીજ પુરવઠો મળી રહેશે.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે શાળાના લોકાર્પણની શુભેચ્છા આપતા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે શાળાના નવા મકાનથી વિદ્યાર્થીઓને સુવિધાયુક્ત શિક્ષણ મળશે.

કાર્યક્રમમાં વલસાડ પ્રાંત અધિકારી શ્રી વિમલભાઈ પટેલ, જિલ્લા અને તાલુકા સંગઠનના પ્રમુખ, આચાર્ય શ્રી પ્રગ્નેશભાઈ પટેલ, ગામના અગ્રણીઓ, શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં મહાનુભાવો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂા. ૨૪.૯૭ કરોડના ખર્ચે નવનિર્મિત ૬૬ કેવી ભદેલી જગાલાલા સબ સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સબ સ્ટેશનમાં ૧૧ કેવીના કુલ ૫ ફીડરો સ્થાપિત છે, જેમાં ૪ જ્યોતિગ્રામ અને ૧ ખેતીવાડી ફીડરનો સમાવેશ થાય છે. સબ સ્ટેશનના નિર્માણથી ભદેલી જગાલાલા, લીલાપોર, ભદેલી દેસાઈ પાર્ટી અને હિંગરાજ ગામોના કુલ ૧૯,૬૧૬ થી વધુ લોકોને પૂરતા દબાણથી સાતત્યપૂર્ણ અને વિક્ષેપ રહિત વીજળી મળશે.

## વલસાડની પારડી સાંઢપોર પ્રાથમિક શાળામાં

# જિલ્લા પોલીસ અધિક્ષક ડો. કરણરાજ વાઘેલાના અધ્યક્ષસ્થાને પ્રવેશોત્સવ ઉજવાયો





**દરેક બાળકે ઓછામાં ઓછો સ્નાતક સુધી અભ્યાસ કરવો જરૂરી છે, તો આગળ જતા રોજીરોટી મેળવી શકે છેઃ ડો.કરણરાજ વાઘેલા**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

વલસાડ તાલુકાના પારડી સાંઢપોર ગામની પ્રાથમિક શાળામાં જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડો.કરણરાજ વાઘેલાના અધ્યક્ષસ્થાને શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ગામના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલાભાઈ પટેલ, બીઆરસી કો-ઓર્ડિનેટર મિતેશભાઈ પટેલ, તલાટી ચિરાગભાઈ અને એસએમસી અધ્યક્ષ ત્રિશુલભાઈ હાજર રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક ડો.કરણરાજ વાઘેલાએ વાલીઓને સંબોધી જણાવ્યું કે, તમારું બાળક બાલવાટિકામાં દાખલ થાય ત્યાંથી લઈને સ્નાતક સુધીનો અભ્યાસ કરાવવો જોઈએ. દરેક બાળક સ્નાતક સુધી અભ્યાસ કરે તો જ તે રોજીરોટી મેળવી શકે છે. તેમણે બાળકો તેમજ વાલીઓ સાથે સમગ્ર કાર્યક્રમ દરમિયાન સીધો સંવાદ કર્યો હતો અને શાળા વિશેની માહિતી મેળવી હતી. શાળાનું વાતાવરણ બાળકો માટે સારું ગણાવી શિક્ષકગણ તેમજ બાળકોને ઉત્સાહી જણાવ્યા હતા અને આગળ પણ આવી જ પ્રગતિ કરો એવી શુભેચ્છા આપી હતી.

ગામનાં સરપંચશ્રી દ્વારા પ્રવેશ મેળવનાર બાળકોને ગણવેશ આપવામાં આવ્યા હતા. દાતાશ્રી વિરેનભાઈ દ્વારા તમામ બાળકોને તમામ વિષયની નોટબૂક આપવામાં આવી હતી. શાળાના મુખ્યશિક્ષકે બાળકોને શુભેચ્છા આપી હતી. શાળાના શિક્ષિકા મેઘાબેન દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. બાળકો દ્વારા જ પ્રાર્થના, સ્વાગત, વિવિધ વક્તવ્ય તેમજ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

# વલસાડ-વાંસદા-ચીખલીના શ્રી લેઉઆ પટેલ ટ્રસ્ટ દ્વારા તેજસ્વી તારલાનો સન્માન સમારોહ યોજાયો

**શ્રેષ્ઠ સમાજ થકી શ્રેષ્ઠ રાષ્ટ્ર નિર્માણમાં સૌએ યોગદાન આપવું જોઈએઃ પ્રમુખ મધુભાઈ કથીરીયા**



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

વલસાડ-વાંસદા-ચીખલીના શ્રી લેઉઆ પટેલ ટ્રસ્ટ દ્વારા દિનકર ભવન ચીખલી ખાતે તેજસ્વી તારલાઓના સન્માનની સાથે સમાજના જ્ઞાતિજનોનો વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે નવસારી લેઉઆ પટેલ સમાજના પ્રમુખશ્રી મધુભાઇ કથીરીયાએ જણાવ્યું કે, સમાજ થકી લોકઉપયોગી સેવાકીય પ્રવૃત્તિઓમાં તન, મન અને ધનથી સહાય કરી આપણા સંસ્કારોના મૂલ્યનું જતન કરવાની સાથે શ્રેષ્ઠ સમાજ થકી શ્રેષ્ઠ રાષ્ટ્ર નિર્માણમાં સૌએ યોગદાન આપવું જોઈએ.

સમારંભમાં સુરતના સાયકેટ્રીક ડો. હિમાદ્રી વઘાસીયાએ મોબાઈલના વ્યસનથી બાળકોને દૂર રાખવા અનુરોધ કર્યો હતો. મોબાઈલના વધુ પડતા ઉપયોગથી માણસોની અનિંદ્રાની તેમજ માનસિક અસંતુલન જેવા ભયંકર રોગમાં સપડાઈ જાય છે. વાહન હંકારતી વખતે મોબાઈલનો ઉપયોગ કરવાથી ગંભીર અકસ્માતોનું જોખમ વધે છે.

આ કાર્યક્રમમાં ચીખલીના પોલીસ ઈન્સ્પેક્ટર દીપક કોરાટ ઉપસ્થિત રહી સમાજના યુવાનો વ્યસનોથી દૂર રહી નૈતિક મૂલ્યો સાથે લોકોપયોગી કાર્યોમાં જોડાવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મુંબઈ સમાજના પ્રમુખ મનસુખ વઘાસીયા તેમજ નિકુંજ ક્યાડાએ સમાજની સેવાકીય પ્રવૃત્તિનો ચિતાર આપ્યો હતો.

આ વાર્ષિક સ્નેહ મિલન કાર્યક્રમમાં અગ્રણીઓ દિપક ગુંદણીયા, દેવચંદ કાડીયા, દિનેશ સુદાણી અને ભીમજી ગોંડલીયાએ ઉપસ્થિત રહી બાળકોને ઈનામનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વિજય ઠુંમર, નિકુંજ ક્યાડા, જીત રંગાણી, નિલેષ વોરા, કીરીટ ગોંડલીયા, મહેશ ગજેરા, હિમલ સાવલીયા, દિનેશ બલર, વિજય વિસાવડીયા, ઋષિક વઘાસીયા અને સંજય ગજેરાએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં વલસાડ, ચીખલી, ધરમપુર, વાંસદા, પારડીથી બહોળી સંખ્યામાં સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરગામના અંકલાસમાં પ્રાકૃતિક ખેતી કરતી મહિલા ખેડૂતોને ૩૫૦ લીટર જીવામૃત વિનામૂલ્યે વિતરણ કરાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**



વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના અંકલાસ ગામે મણિબા પ્રાકૃતિક કૃષિ કેન્દ્ર ખાતે ખેડૂતશ્રી હસમુખભાઈ પટેલ દ્વારા ઉમરગામ તાલુકામાં પ્રાકૃતિક ખેતીનો વેગ વધારવા માટે પ્રાકૃતિક ખેતી માટે અમૃત સમાન કહેવાતું ૩૫૦ લીટર જીવામૃત ૪૦ જેટલા મહિલા ખેડૂતોને વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સાથે જ દરેક ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ દરેક ખેડૂતને પ્રાકૃતિક ખેતી માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# વલસાડ જિલ્લાની ૧૩ શાળાઓમાં ૭૫૬ બાળકોને સ્નેહ સેવા સંસ્થા દ્વારા શિક્ષણ સહાય પહોંચાડવામાં આવી

**૩૦૩૨ ફુલસ્કેપ નોટબુક, ૧૧૮૨ નાની નોટબુક, ૭૫૦ કીટ સ્ટેશનરી, ૫ બાળકને સ્કૂલ યુનિફોર્મ અને એક વિદ્યાર્થીનીની કોલેજ ફી ભરવામાં આવી**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

વલસાડની સ્નેહ સેવા સંસ્થા દ્વારા સતત ત્રીજા વર્ષે જિલ્લાની શાળાઓમાં નવા શૈક્ષણિક સત્ર શરૂ થવા સમયે વિદ્યાદાન પ્રોજેક્ટ-૨૦૨૫ અંતર્ગત કુલ ૭૫૦થી વધુ બાળકોને શિક્ષણ સહાય પહોંચાડવામાં આવી હતી. જરૂરીયાતમંદ બાળકોની યાદી જે તે સ્કૂલના શિક્ષકો પાસેથી સંસ્થાના સભ્યોએ એક મહિના પહેલા મેળવી હતી અને પછી તેમની જરૂરિયાત મુજબ કીટ તૈયાર કરી વિતરણ શરૂ કર્યું હતું. દરેકના સાથ સહયોગથી જરૂરીયાતમંદ બાળકોને શિક્ષણ સહાય પહોંચાડવામાં સફળતા મળી હતી. શિક્ષણ એ અંધકારથી પ્રકાશ તરફની ગતિ છે, જેથી દરેક બાળક આત્મનિર્ભર બની આગળ વધી શકે છે.

સ્નેહ સંસ્થા દ્વારા જિલ્લાની (૧) ભેખલા ફળિયા પ્રાથમિક શાળામાં ૩૨ બાળકો, (૨) નાયકીવાડ પ્રાથમિક શાળામાં ૪૬ બાળકો, (૩) સારંગપુર પ્રાથમિક શાળામાં ૯૩ બાળકો, (૪) દુલસાડ પ્રાથમિક શાળામાં ૮૬ બાળકો, (૫) સેગવી ગામની શાળામાં ૪૦ બાળકો, (૬) સુખેશ આશ્રમશાળામાં ૬૦ બાળકો, (૭) સફાઈ કર્મીઓના ૩૮ બાળકો, (૮) નાની સરોણ પ્રાથમિક શાળામાં ૧૪ બાળકો, (૯) પારડી સાંઢપોર ગુજરાતી શાળામાં ૪૧ બાળકો, (૧૦) ભગોદ પ્રાથમિક શાળામાં ૩૩ બાળકો, (૧૧) સુથારપાડા સરકારી શાળામાં ૧૪૧ બાળકો, (૧૨) કચીગામ પ્રાથમિક શાળામાં ૧૧૫ બાળકો અને (૧૩) વિદ્યાલક્ષ્મી કન્યા છાત્રાલયની ૧૭ બાળકીઓ મળી કુલ ૭૫૬ વિદ્યાર્થીઓને ૩૦૩૨ ફુલસ્કેપ નોટબુક, ૧૧૮૨ નાની નોટબુક, ૭૫૦ કીટ સ્ટેશનરી (પેન્સિલ સેટ, રબ્બર, સંચો, બોલપેન સેટ), ૦૫ બાળકોને સ્કૂલ યુનિફોર્મ અને એક જરૂરિયાતમંદ બાળકીની કોલેજ ફી ભરવાની મદદ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માટે સંસ્થાના સભ્યો તથા અન્ય દાતાશ્રીઓ દ્વારા કુલ રૂ. ૧,૬૯,૦૦૦નું યોગદાન મળ્યું હતું.

# ચોમાસા દરમિયાન પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોએ વાવણી પહેલા અને પછી શું સંભાળ લેવી તે જાણવું જરૂરી

**ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ખેડૂતોએ ધ્યાનમાં રાખવાની મહત્વની માર્ગદર્શિકા આપવામાં આવી**

**ખાસ લેખઃ જિજ્ઞેશ સોલંકી**
**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**



પ્રાકૃતિક ખેતી ધરતી માતા અને મનુષ્યના સ્વાસ્થ્ય માટે વરદાનરૂપ છે. પ્રાકૃતિક ખેતીની વિચારધારા કુદરતની સાથે રહી પ્રવર્તમાન પેઢીની જરૂરીયાતો પૂરી કરવાની સાથે જળ, જમીન અને વાતાવરણ જેવા પ્રાકૃતિક સ્ત્રોતોની દેખભાળ, જાળવણી અને સંવર્ધન ઉપર ભાર મુકે છે. હાલ ચોમાસાની શરૂઆત થઈ છે ત્યારે જગતનો તાત ખેતી કામમાં જોડાયો છે. વલસાડ જિલ્લાના બહુધા ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળી રહ્યા છે ત્યારે ખેડૂતો માટે મહત્ત્વના ગણાતા આ સમયમાં વાવણી પહેલા શું સંભાળ લેવી અને વાવણી બાદ શું સંભાળ લેવી તે જાણવું અગત્યનું થઈ પડે છે. જે અંગે વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના અધિકારીશ્રીઓ દ્વારા ખેડૂત ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

પ્રાકૃતિક ખેતી કરવાથી આપણે આપણી ભાવિ પેઢીને સ્વચ્છ અને સુંદર વારસો આપી શકીએ છે અન તે માટે આ પ્રાકૃતિક વારસાના જતનની જરૂરત છે. જે અંગે વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના ડાયરેક્ટર ડી.એન. પટેલ જણાવે છે કે, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા ચોમાસા દરમિયાન ખેડૂતોએ ધ્યાનમાં રાખવાની કેટલીક મહત્વની માર્ગદર્શિકા આપવામાં આવી છે. જે મુજબ વાવણી પહેલા જમીનની સંભાળ લો અને કુદરત સાથે સહકાર સ્થાપિત કરો. સચોટ તૈયારી એ જ સફળ પાકનો ભરોસો છે. જે માટે જમીન તૈયાર કરવામાં સમજદારી રાખવી જરૂરી છે. ઉંડી ખેડ ટાળો, માત્ર હળવી ખેડ કરો. ઘનજીવામૃત નાંખી માટીને સજીવ બનાવો. યોગ્ય પાક અને બીજ પંસદ કરો. સ્થાનિક દેશી અને રોગમુક્ત જાતો પસંદ કરો. પાકની જીવંત શરૂઆત માટે બીજને બીજામૃતથી સંસ્કારીત કરો. આચ્છાદન માટે સામગ્રી તૈયાર કરો. ઘાસ, સૂકાં પાંદડા અને પાક અવષેશો ભેગા કરો. વાવણી બાદ તરત જ આચ્છાદન કરો અને ભેજ તેમજ તાપમાન જાળવી રાખો. બાયો ઈનપુટ્સ તૈયાર રાખો. જીવામૃત, નિમાસ્ત્ર અને અગ્નિઅસ્ત્ર વગેરે પહેલાથી બનાવી રાખો. જરૂર પડે ત્યારે તુરંત ઉપયોગ કરો. માટી એ જીવંત તંત્ર છે. જેથી કૃત્રિમ દવા અને રાસાયણિક ખાતરને ટાળો. મિશ્રપાક પધ્ધતિ અપનાવવાની ખેતીમાં સહયોગ મળશે અને સાથે સરંક્ષણ પણ મળશે. સ્વસ્થ જમીન અને સ્વસ્થ પાક એ સુખી ખેડૂતની નિશાની છે.

વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર વિમલ પટેલે જણાવ્યું કે, સંતુલિત ભેજ, સમયસર નિરિક્ષણ એ સફળ પાકની કુદરતી ચાવી છે. જેથી ઉગાવા પર નજર રાખો. વાવણી પછી ૩-૭ દિવસમાં બીજ ઉગે છે કે નહીં તે તપાસો. નબળા છોડ દેખાય તો જીવામૃતનો છંટકાવ કરો. ભેજ જાળવો અને રોજ વાપ્સા તપાસો. ખેતરમાં ભેજનું સ્તર નિત્ય પરીક્ષણ કરો. જરૂર જણાય ત્યાં મલ્ચિંગ (આચ્છાદન) વધારવું. નિંદામણ નિયંત્રણ માટે દાતરડા, ખુરપી અથવા પરબડી વડે નિંદામણ દૂર કરો, યોગ્ય રીતે આચ્છાદન કરો જેથી નવા નિંદામણ ઉગતાં અટકે છે. સમયસર પગલા લો. રોગ/જીવાત જોવા મળતા પહેલા પણ તૈયાર રહો. કુદરતી પધ્ધતિથી સમયસર નિયંત્રણ કરો. દરરોજની દેખરેખ એ પાકને આપે સુરક્ષાનું વચન.

આમ, ચોમાસા દરમિયાન ખેડૂતો ઉપરોક્ત વાતનું વિશેષ ધ્યાન રાખે તો તેઓ પણ પ્રાકૃતિક ખેતી કરી અન્ય ખેડૂતોની જેમ આર્થિક સમૃધ્ધિનો માર્ગ અપનાવી શકે છે.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનનો દર ઘટીને ૧.૨ ટકા : ૯ મહિનાના તળિયે

**મેન્યુફેક્ચરિંગ, માઈનિંગ અને વીજળી સેક્ટરના નબળા દેખાવને કારણે મેમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો**



દેશમાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર મેમાં ૧.૨ ટકા રહ્યો છે. જે ૯ મહિનાની નીચલી સપાટી છે. મેન્યુફેકચરિંગ, માઈનિંગ અને વીજળી સેક્ટરના નબળા પ્રદર્શનને કારણે ઔદ્યોગિક ઉત્પાદનને અસર થઈ છે. સોમવારે જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડામાં આ માહિતી આપવામાં આવી છે. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકશન (આઈઆઈપી)ના દ્વારા માપવામાં આવતો ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિ દર ગયા વર્ષના મે મહિનામાં ૬.૩ ટકા રહ્યો હતો. નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ (એનએસઓ)એ એપ્રિલના ઔદ્યોગિક ઉત્પાદન દરને સંશોધિત કરી ૨.૬ ટકા કર્યો હતો. ગયા મહિને એપ્રિલનો ઔદ્યોગિક ઉત્પાદન દર ૨.૭ ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવ્યો હતો. એનએસઓના આંકડા અનુસાર મેન્યુફેકચરિંગ ક્ષેત્રમાં ઉત્પાદન વૃદ્ધિનો દર ચાલુ વર્ષે મેમાં ઘટી ૨.૬ ટકા રહ્યો છે. જે એક વર્ષ પહેલા આ જ મહિનામાં ૫.૧ ટકા હતો. જ્યારે માઈનિંગ ઉત્પાદનમાં ૦.૧ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. જ્યારે એક વર્ષ પહેલા તેમાં ૬.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. વીજળી ઉત્પાદનમાં ૫.૮ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે જ્યારે એક વર્ષ પહેલા આ જ સમયગાળામાં તેમાં ૧૩.૭ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના એપ્રિલ-મે સમયગાળા દરમિયાન ઔદ્યોગિક ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૧.૮ ટકાની વૃદ્ધિ જોવા મળી છે.

# બેન્કોની ગ્રોસ એનપીએ માર્ચમાં ઘટીને ૨.૩%, અનેક દાયકાના તળિયે

## ૪૬ બેન્કોની ગ્રોસ NPA સપ્ટેમ્બર-૨૦૨૪માં ૨.૬ ટકા હતી

**સેક્ટરની દૃષ્ટિએ જોઈએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ ૬.૧ ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી ૧.૨ ટકા રહી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૦૧:** બેન્કોની ગ્રોસ નોન-પરફોર્મિંગ એસેટ્સ (NPAs) ઘટીને માર્ચ-૨૦૨૫માં ૨.૩ ટકા થઈ હતી, જે અનેક દાયકામાં સૌથી નીચી છે તેમ રિઝર્વ બેન્કે સોમવારે કહ્યું હતું. સપ્ટેમ્બર-૨૦૨૪માં ગ્રોસ એનપીએ ૨.૬ ટકા હતી. આરબીઆઈએ છ માસિક ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી રિપોર્ટમાં કહ્યું હતું કે ૪૬ બેન્કોની જીએનપીએ માર્ચ-૨૦૨૭ સુધીમાં વધીને ૨.૬ ટકા થઈ શકે છે. એફએસઆરમાં કહેવાયું છે કે લોન માંડવાળ (ટેકનિકલી માંડવાળ સહિત, જે ભૂતકાળમાં રિકવર કરી શકાય છે)ને કારણે છેલ્લાં પાંચ વર્ષમાં ગ્રોસ એનપીએમાં નોંધપાત્ર ઘટાડો જોવાયો છે. લોન માંડવાળ ૨૦૨૪-૨૫માં વધીને ૩૧.૮ ટકા થઈ હતી, જે અગાઉના વર્ષે ૨૯.૫ ટકા હતી. સરકારી બેન્કોના લોન માંડવાળમાં સાધારણ ઘટાડો થયો છે. છ માસિક સ્લિપેજ રેશિયો (નવી એનપીએ) સ્થિર ૦.૭ ટકા રહ્યો હતો. સેક્ટરની દૃષ્ટિએ જોઈએ તો કૃષિ સેક્ટરમાં સૌથી વધુ ગ્રોસ એનપીએ ૬.૧ ટકા રહી હતી, જ્યારે પર્સનલ લોનમાં ગ્રોસ એનપી ૧.૨ ટકા રહી હતી. મોટા લોનધારકોનો હિસ્સો GNPAમાં ૩૭.૫ ટકા રહ્યો હતો, જે ગત વર્ષે આ ગાળામાં ૪૩.૯ ટકા હતો. આ સેગમેન્ટમાં GNPA રેશિયો સપ્ટેમ્બર-૨૦૨૩માં ૩.૮ ટકાથી ઘટીને માર્ચ-૨૦૨૫માં ૧.૯ ટકા થયો હતો. ટોપ-૧૦૦ લોનધારકો પૈકી કોઈને એનપીએ તરીકે વર્ગીકૃત નથી કરાયા અને તેમનો કુલ લોનમાં હિસ્સો છેલ્લાં છ મહિનામાં ૧૫.૨ ટકા સ્થિર રહ્યો છે તેમ આ એફએસઆર રિપોર્ટમાં કહેવાયું છે. રિઝર્વ બેન્કના ડેટા અનુસાર સરકારી બેન્કોની ક્રેડિટ કાર્ડ સેગમેન્ટની GNPA વધીને ૧૪.૩ ટકા થઈ હતી, છ મહિના પહેલાં ૧૨.૭ ટકા હતી. ખાનગી સેક્ટરમાં આ સેગમેન્ટની ગ્રોસ એનપી માત્ર ૨.૧ ટકા રહી હતી. વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારી બેન્કોની ક્રેડિટ કાર્ડ લોનની બાકી રકમ ૧૯.૨ ટકા વધી હતી, જે ખાનગી સેક્ટરમાં ૧૧.૭ ટકા વધી હતી.

# ભારતે ઓપરેશન સિંદૂરમાં કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યાઃ નેવી અધિકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલકાતા, તા.૦૧:** ૭ મે, ૨૦૨૫ની રાત્રે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય હવાઈ દળે પાકિસ્તાનમાં ફાઈટર જેટ્સ ગુમાવ્યા હતા. આ ભારતીય નેતાગિરીની પાકિસ્તાનના લશ્કરી થાણાં કે એર ડિફેન્સ પર હુમલા નહિ કરવાની સૂચનાને કારણે થયું હતું તેમ ભારતના ઈન્ડોનેશિયા ખાતેના ડિફેન્સ એટેચી કેપ્ટન (ભારતીય નેવી) શિવ કુમારે જણાવ્યું છે. જોકે ભારતે તેમના નિવેદનને મીડિયાએ ''સંદર્ભની બહાર'' ટાંક્યું હોવાનું કહ્યું છે. સીડીએસ પછી તેમની આ ટિપ્પણીએ ફરી એકવાર ચર્ચા જગાવી છે. શિવકુમારે ૧૦ જૂને એક કાર્યક્રમમાં આ ટિપ્પણ કરી હતી. અહીં તેઓ ભારત-પાકિસ્તાન યુદ્ધના સંદર્ભમાં હવાઈ તાકાતના વ્યૂહો અંગે સંબોધન કરી રહ્યા હતા. ભારતીય વિમાનોને ઓપરેશન સિંદૂરમાં નુકસાન થયું હતું તેમ લશ્કરના બીજા અધિકારીની આ કેફિયત અત્યંત મહત્વની મનાય છે. અગાઉ ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ અનિલ ચૌહાન આ વાત કરી ચૂક્યા છે. જોકે તે અગાઉ પણ આઠ મેના રોજે એર માર્શલ અવધેશ કુમાર ભારતીએ પણ કહ્યું હતું કે અમે લડાઈની સ્થિતિમાં છીએ અને નુકસાન એ લડાઈનો ભાગ છે. આ મામલે રાજકીય આક્ષેપબાજી ચાલી રહી છે. સીડીએસની કબૂલાત બાદ તેમાં ઉમેરો થયો છે. કેપ્ટન શિવ કુમારે ઉમેર્યું કે રાજકીય નેતૃત્વ દ્વારા નક્કી કરાયેલા નિર્દેશોના કારણે ઓપરેશનના પ્રાથમિક તબક્કામાં ભારતીય વાયુસેના પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાં પર હુમલા કરી શકી નહતી. અમે કેટલાક યુદ્ધ વિમાનો ગુમાવ્યા હતા. રાજકીય નેતૃત્વ પાસેથી સૈન્ય સંસ્થાનો કે તેમની સુરક્ષા પ્રણાલી પર હુમલો નહિ કરવાનો નિર્દેશ અપાયો હતો. જોકે નુકસાન પછી ભારતે રણનીતિ બદલી હતી અને સૈન્ય ઠેકાણાંને નિશાન બનાવ્યા હતા અને દુશ્મનનો એર ડિફેન્સ સિસ્ટમને નુકસાન પહોંચાડવામાં આવ્યા હતા. ઈન્ડોનેશિયામાં ભારતીય દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે કે ડિફેન્સ એટેચીનું નિવેદનને સંદર્ભથી અલગરીતે રજૂ કરવામાં આવી રહ્યું છે. તેમની રજૂઆતનો ઈરાદો અને મૂળ હેતુને ખોટીરીતે રજૂ કરાયા છે. કોંગ્રેસે સરકાર પર દેશને ગુમરાહ કરવાનો આક્ષેપ કર્યો છે. પાર્ટી મહામંત્રી જયરામ રમેશે કહ્યું કે અગાઉ સીડીએસે સિંગાપુરમાં આવી વાત કરી હતી. હવે વરિષ્ઠ અધિકારી ઈન્ડોનેશિયામાં આવા દાવા કરે છે. પરંતુ વડાપ્રધાન મોદી સર્વપક્ષીય બેઠકનું અધ્યક્ષપદ કરવા અને વિપક્ષને વિશ્વાસમાં લેવાથી કેમ ઈનકાર કરી રહ્યા છે? સંસદની ખાસ સત્રની માગણી પણ નકારી દેવાઈ છે.

**ઈન્ડોનેશિયામાં ડિફેન્સ એટેચી કેપ્ટન શિવકુમારની ટિપ્પણીથી ફરી ચર્ચા**



# લોભ વધે એટલે ભોગ વધે છે અને ભોગ વધે એટલે પાપ વધે છે

## હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં વર્ણવેલ મુખ્ય પંદર શ્રાપ..



આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

હિન્દુ પૌરાણિક ગ્રંથોમાં અનેક વરદાન અને શ્રાપોનું વર્ણન જોવા મળે છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ કોઈને કોઈ વાર્તા અને કારણ હોય છે. આ શ્રાપ અને વરદાનોની પાછળ ભવિષ્યમાં ઘટનાર ઘટના કારણભૂત હોય છે. નિરાકાર પ્રભુ પરમાત્માને સંતપ્રેમ આકાર આપે છે. નિર્ગુણ નિરાકાર પરમાત્મા સંતોભક્તો માટે સગુણસાકાર બને છે. પરમાત્મા ધરતી ઉપર નિરાકારમાંથી સાકાર ક્યારે થાય છે?

*જબ જબ હોઈ ધરમકી હાની, બાઢહિ અસુર અધમ અભિમાની,*


*કરહિં અનીતિ જાઈ નહિ બરની, સીદહિં બિપ્ર ધેનુ સુર ધરની..*

જ્યારે જ્યારે સંસારમાં ધર્મની હાનિ થાય, અધર્મ વધી જાય, લોકો એટલી હદે અનીતિ કરે કે જેનું વર્ણન કરવું મુશ્કેલ બને અને સંતો, સાધુ, બ્રાહ્મણો, વેદ.. આ બધાની નિંદા થવા લાગે અને વાતાવરણ ખુબ જ ભયંકર બનવા લાગે ત્યારે ભગવાન અનેક જાતનાં શરીરો ધારણ કરીને સંત અને હરીભક્તોની પીડાનો અંત લાવવા માટે ધરતી ઉપર અવતરે છે. રામચરીત માનસમાં ભગવાન શ્રીરામના અવતાર લેવાના પાંચ કારણ બતાવ્યા છે એમાંનું પહેલું કારણ છે ભગવાન વિષ્ણુના દ્વારપાળો જયવિજયને સનત્કુમારો (શૌનક, સનંદન, સનાતન અને સનત્કુમાર)એ આપેલ શ્રાપ છે. સનત્કુમારો બ્રહ્માજીના માનસપૂત્રો છે તેઓ એકવાર ભગવાન વિષ્ણુના શુદ્ધસત્વમય બધા લોકોના શિરોભાગમાં રહેલા વૈકુંઠધામમાં ભગવાન વિષ્ણુના દર્શન કરવા જાય છે, ત્યાં બધા જ લોકો વિષ્ણુરૂપ થઈને રહે છે અને તે પ્રાપ્ત પણ તેમને જ થાય છે કે જેઓ તમામ પ્રકારની કામનાઓ છોડીને ફક્ત ભગવાનના ચરણોના શરણની પ્રાપ્તિના માટે જ પોતાના ધર્મ થકી તેમની આરાધના કરે છે. જે મનુષ્ય ભગવાનની પાપોનું અપહરણ કરનારી લીલા કથાઓ સાંભળવાનું છોડીને બુદ્ધિને નષ્ટ કરનારી અર્થકામ સંબંધિત અન્ય નિંદિત કથાઓ સાંભળે છે. તેઓ વૈકુંઠમાં જઈ શકતા નથી. તત્વજ્ઞાન અને ધર્મની પ્રાપ્તિ થઈ શકે તેવું દુર્લભ મનુષ્ય શરીર પામીને પણ જે મનુષ્યો ભગવાનની આરાધના કરતા નથી તેઓ માયાથી મોહિત છે.

બ્રહ્માના માનસપુત્રોની જેમ અંતઃકરણના પણ ચાર પ્રકાર છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર. અંતઃકરણ જ્યારે સંકલ્પ વિકલ્પ કરે છે ત્યારે તે મન કહેવાય છે, કોઈ વિષયનો નિર્ણય કરે ત્યારે તેને બુદ્ધિ કહેવાય છે, પ્રભુનું ચિંતન કરે ત્યારે તેને ચિત્ત કહે છે અને ક્રિયાનું અભિમાન જાગે ત્યારે અહંકાર કહેવાય છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારને શુદ્ધ કર્યા વિના પરમાત્માનાં દર્શન થતાં નથી. સનત્કુમારો બ્રહ્મચર્યનો અવતાર છે. બ્રહ્મચર્ય જ્યારે સિદ્ધ થાય ત્યારે બ્રહ્મનિષ્ઠા સિદ્ધ થાય છે. સનત્કુમારો ભગવાનનાં દર્શન કરવા છ દરવાજા વટાવીને સાતમા દરવાજે આવે છે ત્યારે ભગવાનના પાર્ષદો તેમને અટકાવે છે. યોગના આઠ અંગો યમ નિયમ આસન પ્રાણાયામ પ્રત્યાહાર ધારણા ધ્યાન અને સમાધિ આ વૈકુંઠના સાત દરવાજા છે. આ સાત દરવાજા વટાવ્યા પછી બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે. આપણે જીવનના છેલ્લા શ્વાસ સુધી સાવધાન રહેવાની જરૂર છે. જય વિજય એટલે યશ, કીર્તિ, પ્રતિષ્ઠા. પૈસાનો મોહ ઘણી વખત છૂટે પણ પ્રતિષ્ઠાનો મોહ જલ્દી છુટતો નથી. પ્રતિષ્ઠાનો મોહ છેક ભગવાનના સાતમા દરવાજેથી પાછા કાઢે છે.

કામ ક્રોધ વગેરે વિકારો ક્યાંય બહારથી આવતા નથી પણ અંદર જ હોય છે અને અંદરથી જ બહાર આવે છે. જ્યારે દ્વારપાળો જય વિજયે સનત્કુમારોને અટકાવ્યા ત્યારે તેઓ ક્રોધ કરીને કહે છે કે જે લોકો ભગવાનની ઉચ્ચસેવાના પ્રભાવથી આ લોક પામીને અહીં નિવાસ કરે છે તેઓ તો ભગવાન જેવા જ સમદર્શી હોય છે છતાં તમારા સ્વભાવમાં વિષમતા કેમ આવી છે? તમે ભગવાનના પાર્ષદો છો પરંતુ તમારી બુદ્ધિ ઘણી મંદ છે તેથી તમે અહી રહેવાને લાયક નથી એટલે અમારો શ્રાપ છે કે તમારે સાત જન્મો સુધી રાક્ષસ તરીકે જન્મ ધારણ કરવો પડશે. કોલાહલ થતાં ભગવાન બહાર આવે છે અને કહે છે કે દ્વારપાળોએ તમોને અટકાવ્યા તે મારી આજ્ઞાનું પાલન કરતા હતા પરંતુ તમોએ શ્રાપ આપ્યો તે બરાબર નથી કર્યું. તેઓ તો મારા ચોકીદારો છે માટે શ્રાપમાં કંઈક ફેરફાર કરો. સંતો કહે છે કે એમને રાક્ષસ તો બનવું જ પડશે પણ એક ફેરફાર કરીએ છીએ કે રાક્ષસ બન્યા પછી તમારી સાથે ભક્તિભાવ રાખશે તો સાત જન્મ પછી મુક્તિ મળશે અને જો તમારી સાથે વેર બાંધશે તો ત્રણ જન્મ પછી મુક્તિ મળશે. આટલું કહી મહાત્માઓ જતા રહ્યા. જીવે કરેલા પાપનો પસ્તાવો ન થાય ત્યાં સુધી ભગવાન નજર આપતા નથી. દ્વારપાળોએ નિર્ણય કર્યો કે ભગવાનનું ભજન કરીએ તો સાત જન્મે મુક્તિ મળે એના કરતાં ભલે ભગવાન સાથે વેર કરવું પડે પણ ત્રણ જન્મે મુક્તિ થાય તેવું કરીએ.

સનત્કુમારોના ગયા પછી ભગવાને જય વિજયને કહ્યું કે સનત્કુમારોનો શ્રાપ છે એટલે મિથ્યા નહીં થાય. તમારા રાક્ષસ કૂળમાં ત્રણ અવતાર થશે ત્યારે તમારો ઉદ્ધાર કરવા હું પણ અવતાર લઈશ. મારા હાથે જ તમારો ઉદ્ધાર થશે. સનત્કુમારોને તમે રોક્યા અને તમને શ્રાપ આપ્યો આ બધું મારી ઈચ્છા પ્રમાણે જ થાય છે અને આ સર્વ મારી જ લીલા છે. આ બંન્ને દ્વારપાળો સત્યુગમાં હિરણાક્ષ અને હિરણ્યકશ્યપુ બન્યા, એ બંન્નેને મારવા પરમાત્માએ બે અવતાર લેવા પડ્યાવરાહ અને નૃસિંહ. હિરણ્યાક્ષ એ સંગ્રહવૃત્તિ એટલે કે લોભનો અવતાર છે. હિરણ્યકશ્યપુ એ ભોગનો અવતાર છે. હિરણ્યાક્ષે ખુબ ભેગુ કર્યું અને હિરણ્યકશ્યપુએ બહુ ભોગવ્યું, લોભ વધે એટલે ભોગ વધે છે અને ભોગ વધે એટલે પાપ વધે છે. આ એના એ જય અને વિજય ત્રેતા યુગમાં રાવણ અને કુંભકર્ણ(કામ) બને છે, એમને મારવા માટે પરમાત્માએ રામ અવતાર લેવો પડ્યો. આ દ્વારપાળો દ્વાપર યુગમાં શિશુપાળ અને દંતવક્ર(ક્રોધ) બને છે, તેમને મારવા માટે ભગવાનને કૃષ્ણાવતાર લેવો પડ્યો હતો.



અતિ સાવધ રહેનાર કદાચ કામને મારી શકે છે પરંતુ ક્રોધને મારવો અતિ કઠિન છે. કામનું મૂળ સંકલ્પ છે જ્ઞાની અને યોગીઓ કોઈના શરીરનું ચિંતન કરતા નથી એટલે તેમને કામ ત્રાસ આપતો નથી, પરંતુ ઘણીવાર ક્રોધથી પતન થાય છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં કામ ક્રોધ અને લોભને નરકના દ્વાર કહ્યાં છે જે જીવાત્માનું પતન કરનારાં છે એટલે આ ત્રણેનો ત્યાગ કરી દેવો જોઈએ. જ્ઞાન માર્ગમાં જ્ઞાનીને સિદ્ધિનો મોહ વિઘ્ન કરે છે જ્યારે ભક્તિમાર્ગમાં લોભ વિઘ્ન કરે છે.

ભગવાનના અવતાર લેવાનું બીજું કારણ બતાવતાં રામચરીત માનસમાં યાજ્ઞવલ્ક્યજી કહે છે કે જાલંધર નામનો રાક્ષસ ઉત્પન્ન થયો. એ તમામ દેવતાઓને ત્રાસ આપવા લાગ્યો. એની પત્ની મહાન સતી હતી અને એના સતીત્વના લીધે જાલંધર કોઈથી મરતો નહોતો. તેની પત્ની વૃંદાએ ભગવાનને શ્રાપ આપ્યો હતો તેથી ભગવાને અવતાર લેવો પડ્યો હતો, તે કથા હવે પછીના લેખમાં જોઈશું..

# અવકાશયાત્રીઓનો આહાર પૃથ્વી પરના આહારથી ખૂબ અલગ હોય છે

**શુભાંશુ શુક્લાએ ગાજરનો હલવો અને કેરીનો રસ ખાધોઃ થર્મો-સ્ટેબિલાઇઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૦૧**

અવકાશયાત્રીઓનો આહાર યોજના સામાન્ય લોકોના ખોરાક કરતા અલગ હોય છે. તેમને ખાસ ખોરાક આપવામાં આવે છે, જે ત્યાં લાંબા સમય સુધી બગડતો નથી અને ખાસ રીતે પેક કરવામાં આવે છે. મહત્વન છે કે આ વચ્ચે પણ શુભાંશું શુક્લા એક ખાસ ગુજરાતી વાનગી અવકાશમાં લઈ ગયા છે. અવકાશયાત્રી શુભાંશુ શુક્લા ગઈકાલે ઐતિહાસિક ઉડાન માટે અવકાશમાં ગયા છે. તેમના ૧૪ દિવસના મિશન માટે જરૂરી વસ્તુઓની સાથે, તેમણે ગાજરનો હલવો અને કેરીનો રસ પણ ખાધો છે.





આ પછી, દરેકના મનમાં આ પ્રશ્ન આવી રહ્યો છે કે અવકાશમાં તેમનો ખોરાક કેવો હોય છે. શું તેઓ પૃથ્વી પરના સામાન્ય માણસની જેમ ત્યાં ખોરાક ખાય છે કે કોઈ અલગ રીતે છે, ચાલો જાણીએ. પહેલાં, અવકાશયાત્રીઓ બાળકના ખોરાકને અવકાશમાં લઈ જતા હતા, પરંતુ હવે મુસાફરો થર્મો-સ્ટેબિલાઇઝ્ડ એટલે કે ઓછી ભેજવાળા ખોરાક પણ ખાય છે, જોકે તેમાં પાણી ઉમેરીને ખાવામાં આવે છે. કેટલાક ખોરાક પાણી મિક્સ કરીને અવકાશમાં ખાવામાં આવે છે, જ્યારે કેટલાક ખોરાક પાણી વગર ખાવામાં આવે છે. ત્યાં મર્યાદિત માત્રામાં જ ખોરાક ખાવાની મંજૂરી છે, તેથી વજન અનુસાર ખોરાક નિયંત્રિત કરવામાં આવે છે. લોકો ત્યાં ફળો, બ્રાઉની, ફ્રીઝ-ડ્રાય ફૂડ વસ્તુઓ ખાઈ શકે છે. આજે અવકાશમાં ખાવા માટે રિહાઈડ્રેટેડ ફૂડ વસ્તુઓમાં ચિકન કોન્સોમ, ચીઝ, મેકરોની, ઝીંગા કોકટેલ એપેટાઇઝર અને સ્ક્રેમ્બલ્ડ એગ્સ વગેરે જેવા સૂપનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અવકાશયાત્રીઓ માઈક્રોએલ્ગી, પ્રયોગશાળામાં ઉગાડવામાં આવેલ માંસ અને વાઈન ગોળીઓ જેવા સુપરફૂડ પણ લે છે. અવકાશયાત્રીઓ માટે ખાતરી કરવામાં આવે છે કે તેમનો ખોરાક પૌષ્ટિક તેમજ સ્વાદિષ્ટ હોય. પરંતુ બ્રેડ, સૂકું મીઠું અને મરી, કાર્બોનેટેડ પીણાં, આલ્કોહોલ અને તાજા ફળો અને શાકભાજી જેવી કેટલીક વસ્તુઓ લઈ શકાતી નથી. અવકાશમાં તાજું પાણી ઓછું છે, તેથી ત્યાં લેવાનો ખોરાક એવી રીતે તૈયાર કરવામાં આવે છે કે વધુ પાણીની જરૂર ન પડે અને તે લાંબા સમય સુધી બગડે નહીં.

અવકાશયાત્રીઓને આપવામાં આવતો ખોરાક ખાસ પેકેટ અને નાના ટુકડાઓમાં રાખવામાં આવે છે. પ્રવાહી ટ્યુબમાં રાખવામાં આવે છે જેથી તેઓ સરળતાથી ખાઈ શકાય. તેમને ટુકડા વગરનો ખોરાક આપવામાં આવે છે જેથી નાના ટુકડા હવામાં તરતા ન રહે અને લોકો અને મશીનોને નુકસાન ન પહોંચાડે. ચા, કોફી અને જ્યુસ પાવડર સ્વરૂપમાં ત્યાં મોકલવામાં આવે છે અને પાણીમાં ભેળવીને પીવામાં આવે છે. જો કોઈ અવકાશયાત્રી ત્યાં ખૂબ લાંબા સમય સુધી રહે છે, તો તેનો આહાર પણ તેમના અનુસાર હોય છે જેથી વજન ઘટે નહીં અને સ્નાયુઓ અને હાડકાં નબળા ન પડે. મહત્વનું છે કે ગતરોજ જ્યારે શુભાંશુંએ PM મોદી સાથે વાત કરી ત્યારે પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, તમે જે ગાજરનો હલવો અને અન્ય સામગ્રી લઈ ગયા છો તે અન્ય મિત્રોને ચખાડ્યું કે નહીં. ત્યારે તેમણે અઅ ગુજરાતી વાનગી અંગે મહત્વની વાત કરી હતી.

# સ્પોર્ટ્સ ન્યુઝ

બેંગલુરુ દુર્ઘટના પર ટ્રિબ્યુનલનો રિપોર્ટ

## RCBના કારણે થઈ નાસભાગ, પોલીસ કોઈ જાદુગર કે ભગવાન નથી

**આરસીબીએ પોલીસ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લીધી ન હતી અચાનક તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેંગલુરુ, તા.૦૧ :** આઈપીએલ ૨૦૨૫ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીતની ઉજવણી દરમિયાન બેંગલુરુમાં થયેલી નાસભાગમાં ૧૧ લોકોના મૃત્યુ નિપજ્યાં હતાં. આ મામલે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં થયેલી નાસભાગ માટે આરસીબીને જવાબદાર ઠેરવ્યું છે. આરસીબીએ પોલીસ પાસેથી કોઈ પૂર્વ પરવાનગી લીધી ન હતી. અચાનક તેમને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી દીધી હતી.

સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના રિપોર્ટ અનુસાર, આરસીબીએ પોલીસની મંજૂરી વિના સોશિયલ મીડિયા પર વિક્ટ્રી પરેડ માટે આમંત્રણ પોસ્ટ કર્યું હતું, જેના કારણે મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી અને પોલીસ પાસે સુરક્ષા વ્યવસ્થા કરવા માટે પૂરતો સમય નહોતો.

પોલીસ માત્ર ૧૨ કલાકમાં સંપૂર્ણ વ્યવસ્થા કરે તેવી અપેક્ષા રાખી શકાય નહીં. પોલીસકર્મીઓ પણ માણસ છે, તે દેવતા કે જાદુગર નથી કે, એક જ વારમાં બધી વ્યવસ્થા કરી શકે.'

આ કેસમાં સસ્પેન્ડ કરાયેલા IPS અધિકારી વિકાસ કુમારને મોટી રાહત મળી છે. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલે તેમનું સસ્પેન્શન રદ કર્યું છે. આ ઉપરાંત ટ્રિબ્યુનલે કર્ણાટક સરકારને બે અન્ય વરિષ્ઠ અધિકારીઓ તત્કાલીન બેંગલુરુ પોલીસ કમિશનર બી દયાનંદ અને ડીસીપી શેખર એચ ટેક્કનવરના સસ્પેન્શન પર પુનર્વિચાર કરવાનું સૂચન પણ કર્યું. નોંધનીય છે કે, IPS વિકાસ કુમાર બેંગલુરુના પશ્ચિમ ઝોનના એડિશનલ કમિશનર અને ચિન્નાસ્વામી સ્ટેડિયમના ઇન્ચાર્જ હતા. સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલના અનુસાર, 'પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવાનો નિર્ણય પૂરતા પુરાવા પર આધારિત નથી. નિર્ણય સમયે આ અધિકારીઓની બેદરકારીને કારણે અકસ્માત થયો હોવાનું સાબિત કરવા માટે કોઈ નક્કર આધાર નહોતો.' જો કે, સરકાર ઈચ્છે તો આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારી શકે છે.

ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ચોથી જૂનના રોજ થયેલી નાસભાગ બાદ કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વિપક્ષના નિશાના પર છે. ભાજપ અને જેડીએસે સરકાર પર સીધો હુમલો કર્યો હતો અને મુખ્યમંત્રીના રાજીનામાની માંગ કરી હતી.

કુલદીપ - અર્શદીપને બીજી ટેસ્ટમાં સામેલ કરો: પૂર્વ ભારતીય હેડ કોચની સલાહ

## બોલિંગ આક્રમણમાં વૈવિધ્યનો અભાવ ભારત માટે ચિંતાજનક: ગ્રેગ ચેપલ

**ચેપલે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'હેડિંગ્લી ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**લંડન, તા.૦૧ :** ટીમ ઈન્ડિયાના પૂર્વ હેડ કોચ ગ્રેગ ચેપલે ઈંગ્લેન્ડ પ્રવાસ પર રવિન્દ્ર જાડેજાની પ્લેઈંગ ઈલેવનમાં પસંદગી પર સવાલ ઉઠાવ્યા છે. તેમણે કહ્યું છે કે, તે ફ્રન્ટલાઈન સ્પિનર નથી. આવી સ્થિતિમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં એકમાત્ર સ્પિનર તરીકે પસંદ ન કરવો જોઈએ. લીડ્સના હેડિંગલી ખાતે રમાયેલી પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયા પાંચ વિકેટથી હારી ગઈ હતી. ભારતે છેલ્લા દિવસે બોલિંગ કરી હતી, પરંતુ આ મેચમાં રમનાર એકમાત્ર સ્પિનર રવિન્દ્ર જાડેજાને માત્ર એક જ વિકેટ મળી હતી. બેટથી પણ તેનું યોગદાન પ્રશંસનીય નહોતું, કારણ કે તે બંને ઈનિંગ્સમાં માત્ર ૩૬ રન જ બનાવી શક્યો હતો. ચેપલ માને છે કે પહેલી ટેસ્ટ મેચમાં ટીમ ઈન્ડિયાને બોલિંગ આક્રમણમાં વિવિધતાના અભાવનું પરિણામ ભોગવવું પડ્યું હતું. તેમણે કહ્યું કે, જો ભારતે આ શ્રેણીમાં પોતાનું નસીબ બદલવું હોય તો સંતુલિત ટીમની જરૂર છે. સિલેક્ટર્સે સાહસી નિર્ણયો લેવાની હિંમત રાખવી પડશે. તેમણે કુલદીપ યાદવને શેન વોર્ન પછી શ્રેષ્ઠ સ્પિનર ગણાવતા તેની સાથે અર્શદીપ સિંહને પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કરવાની સલાહ આપી હતી.

ચેપલે પોતાની કોલમમાં લખ્યું છે કે, 'હેડિંગ્લી ખાતે ફિલ્ડિંગ ખૂબ જ નિરાશાજનક હતી પરંતુ તે હારનું મુખ્ય કારણ નહોતું. ભારતે પોતાની સમસ્યાઓ ઉભી કરી હતી. સૌથી મોટી ભૂલ નો બોલ હતી જેણે બીજી ઈનિંગની શરૂઆતમાં હેરી બ્રુકને જીવનદાન આપ્યું હતું.

૭૬ વર્ષીય ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટને કહ્યું કે, ભારત માટે બીજી સમસ્યા એ પણ હતી કે, ટીમના જમણા હાથના ઝડપી બોલર મોહમ્મદ સિરાજ, પ્રસિદ્ધ કૃષ્ણા અને શાર્દુલ ઠાકુરે લગભગ સમાન બોલિંગ કરી હતી. ભારતીય બોલિંગ આક્રમણમાં વિવિધતાનો અભાવ હતો. જસપ્રીત બુમરાહ સિવાય, બાકીના ફાસ્ટ બોલરો સમાન હતા. બોલિંગમાં ફેરફાર પછી તરત જ વિકેટ પડવાનું કારણ એ છે કે બેટ્સમેનને એડજસ્ટ થવામાં સમય લાગે છે પરંતુ ભારતીય ટીમ પાસે આ વિકલ્પ નહોતો.

આ ઉપરાંત ચેપલે ભારતીય ટીમ મેનેજમેન્ટની સંતુલિત બોલિંગ આક્રમણ કરતાં ડીપ બેટિંગને પ્રાથમિકતા આપવા બદલ પણ ટીકા કરી હતી. તેમણે કહ્યું, હું એ વાત સાથે સહમત નથી કે બોલિંગ કરનાર વધારાના બેટ્સમેનને ટોપ ઓર્ડરમાં પસંદ કરવામાં આવે. ટોપ ૬ બેટ્સમેન પર રન બનાવવા માટે વિશ્વાસ રાખવો જોઈએ. આ સાથે કેપ્ટન પાસે ૨૦ વિકેટ લેવા માટે શ્રેષ્ઠ સંયોજન હોવું જોઈએ.

પહલગામ હુમલા બાદ શેર કરી પોસ્ટ

## પાકિસ્તાન જિંદાબાદની પોસ્ટ શેર કરનારને જામીન નહીં

**પાકિસ્તાન જિંદાબાદ'ની પોસ્ટ શેર કરનારા ૬૨ વર્ષીય આરોપી અંસાર અહેમદ સિદ્દકીની જામીન અરજી કોર્ટે નકારી દીધી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અલ્હાબાદ, તા.૦૧**

ફેસબુક પર 'પાકિસ્તાન જિંદાબાદ'ની પોસ્ટ શેર કરનારા ૬૨ વર્ષીય આરોપી અંસાર અહેમદ સિદ્દકીની જામીન અરજી કોર્ટે નકારી દીધી છે. આ સાથે જ કોર્ટે કહ્યું કે, રાષ્ટ્ર વિરોધી મામલા પ્રત્યે ન્યાયપાલિકાની સહનશીલતાથી આ પ્રકારના મામલા વધી રહ્યા છે. અંસાર અહેમદને જામીન આપવાનો ઈન્કાર કરતાં જસ્ટિસ સિદ્ધાર્થે કહ્યું કે, દેશમાં આ પ્રકારના ગુનાઓ સામાન્ય બની ગયા છે.

અલ્હાબાદ હાઈકોર્ટે આ વિશે વધુમાં કહ્યું કે, 'અરજદારના આ કૃત્યથી સ્પષ્ટ રૂપે બંધારણનું અપમાન છે. ભારત વિરોધી પોસ્ટ શેર કરવી દેશની સંપ્રભુતાને પડકાર આપવો અને દેશની અખંડતાને ખરાબ રીતે પ્રભાવિત કરનારું છે. અરજદાર સીનિયર સિટિઝન છે. તેમની ઉંમર જણાવે છે કે, તે સ્વતંત્ર ભારતમાં જન્મ્યા છે. તેમ છતાં તેમનું આ બેજવાબદારી પૂર્વકનું વર્તન અને રાષ્ટ્ર વિરોધી આચરણ તેમને બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ સ્વતંત્રતાના અધિકારને સંરક્ષણ પાત્ર નથી બનાવતા. જોકે, જામીન અરજી નકારવાની સાથે જ કોર્ટે એવો પણ નિર્દેશ કર્યો કે, અરજદારની સામે નીચલી કોર્ટમાં કેસની સુનાવણી જલ્દીમાં જલ્દી કરવામાં આવે.

ઉત્તર પ્રદેશના બુલંદશહેરના છતરી વિસ્તારમાં અંસાર અહેમદ સિદ્દીકી સામે બીએનએસની કલમ ૧૯૭ (રાષ્ટ્રીય એકતાને કમજોર કરનારું કૃત્ય), ૧૫૨ (ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડિતાને જોખમમાં મૂકવાનું કૃત્ય) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ મામલે સુનાવણી દરમિયાન, અંસાર અહેમદના વકીલની દલીલ હતી કે, ત્રીજી મે, ૨૦૨૫ના દિવસે અરજદારે ફેસબુક પર ફક્ત વીડિયો શેર કર્યો હતો. તે સિનિયર સિટિઝન છે અને તેમની સારવાર ચાલી રહી છે.

જોકે, સરકારી વકીલે અંસાર અહેમદ સિદ્દકીની જામીન અરજીનો વિરોધ કરતાં કહ્યું કે, અજદારનું આચરણ દેશ હિતની વિરોધમાં છે. તે જામીન પર મુક્ત થવાને લાયક નથી. સરકારી વકીલે પણ કહ્યું કે, આ વીડિયો પહલગામમાં આંતકવાદી દ્વારા ૨૬ લોકોની હત્યા બાદ પોસ્ટ કરવામાં આવ્યો હતો. જેના પરથી સ્પષ્ટરૂપે સાબિત થાય છે કે, અરજદારે ધાર્મિક આધારે આતંકવાદીઓના કૃત્યનું સમર્થન કર્યું છે. બંને પક્ષોની સુનાવણી બાદ હાઈકોર્ટે ૨૬ જૂને પોતાના આદેશમાં કહ્યું કે, ભારતના દરેક નાગરિકનું એ કર્તવ્ય છે કે, તે બંધારણનું પાલન કરે. ભારતની સંપ્રભુતા, એકતા અને અખંડિતતાનું સન્માન કરે.

ભારતની કઈ માગ પર US સહમત નથી

## વેપાર કરાર અંગે ભારત-અમેરિકા વચ્ચે કોકડું ગૂંચવાયું

**દેશોની અસંમતીને ધ્યાને રાખી સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ પોતાનો અમેરિકી પ્રવાસ લંબાવી દીધો છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી,તા.૦૧**

અમેરિકા-ભારત વચ્ચેની ટ્રેડ ડીલમાં કંઈક અડચણો ઉભી થઈ હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આમ તો અમેરિકા ટેરિફ મામલાની ડેડલાઈન વધારવા માંગતા ન હતા અને તેમણે ભારત પ્રત્યે પણ કુણુ વલણ અપનાવ્યું હતું. જોકે સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી. અમેરિકાએ ૧૦ ટકા ટેરિફ યથાવત્ રાખવાની ઈચ્છા વ્યક્ત કરી છે, જ્યારે ભારત કેટલાક સેક્ટર્સમાંથી ૧૦ ટકા ટેરિફ શૂન્ય કરવા પ્રયાસ કરી રહ્યું છે. આવી સ્થિતિમાં બંને દેશોની અસંમતીને ધ્યાને રાખી સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ પોતાનો અમેરિકી પ્રવાસ લંબાવી દીધો છે.

અગાઉ (૩૦ જૂન) સૂત્રોએ એવું કહ્યું હતું કે, 'ભારત-અમેરિકા વચ્ચે વચગાળાનું ટ્રેડ ડીલ થઈ ગયું છે અને તેની જાહેરાત આઠમી જુલાઈના રોજ થઈ શકે છે. ભારત તરફથી વાણિજ્ય વિભાગના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલ આ સમજૂતીના મુખ્ય વાટાઘાટકાર હતા, તેની આગેવાનીમાં વોશિંગ્ટનમાં આના પર સમજૂતી થઈ છે.' ત્યારબાદ વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કૈરોલિન લેવિટે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે સારા સંબંધોને ટાંકીને કહ્યું હતું કે, 'બંને દેશો વચ્ચે સારા સંબંધો યથાવત્ રહેશે. બંને દેશો ટ્રેડ ડીલની નજીક પહોંચી ગયા છે અને ટ્રમ્પ ટૂંક સમયમાં તે અંગે વિગતો આપશે.' જોકે હવે (૧ જુલાઈ) સૂત્રોએ કહ્યું છે કે, 'ટેરિફ મામલે બંને દેશો વચ્ચે હજુ કોઈ સંમતી થઈ શકી નથી.'

બંને દેશ વચ્ચેના ટ્રેડ ડીલમાં કૃષિ, ડેરી સેક્ટર અને ભારતીય ખેડૂતોને આપવામાં આવતી સબસિડી મુખ્ય અવરોધ હતા. બીજી બાજુએ અમેરિકા ઈચ્છતું હતું કે ભારતના કૃષિ અને ડેરી સેક્ટરને તેની પેદાશો માટે ખોલવામાં આવે અથવા કોઈપણ રીતે ખોલવાનો માર્ગ તૈયાર કરવામાં આવે. આ ઉપરાંત જેનેટિકલી મોડિફાઈડ બીયારણોના મુદ્દે છૂટ આપવામાં આવે. અમેરિકાએ સોય, ઘઉં, મકાઈ, ઈથેનોલ અને સફરજન પર ટેરિફ ઘટાડવા વિનંતી કરી હતી. આ ઉપરાંત ઈવી, વાઈન, પેટ્રોકેમિકલ્સના મોરચે પણ ટેરિફમાં રાહત ઈચ્છે છે.

આ સમજૂતીના થોડા દિવસ પહેલાં જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સમજૂતી થવાની તૈયારીમાં જ છે, અમે જબરદસ્ત ડીલ કરી રહ્યા છે. ચીન સાથે અમારે ડીલ થઈ ગઈ છે. તેની સાથે ટ્રમ્પે તેમ પણ જણાવ્યું હતું કે ભારત સાથે સમજૂતી ન થઈ તો ૨૬ ટકા ટેરિફ તો ઊભો જ છે. આમ ટ્રમ્પે આડકતરી રીતે ટેક્સની ધમકી આપી હતી.

ઉલ્લેખનીય છે કે અમેરિકન પ્રમુખ ડાનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલના રોજ વિશ્વના મોટાભાગના દેશો પર રેસિપ્રોકલ ટેરિફ લગાવ્યો હતો. કમ્બોડિયા જેવા દેશને પણ ટ્રમ્પે છોડયો ન હતો. જો કે આ ટેરિફ પર મોટાપાયા પર શોરબકોર મચતાં ટ્રમ્પે ભારત સહિત વિશ્વના ઘણા દેશો પર ૨૬ ટકાનો રેસિપ્રોકલ ટેરિફ ૯૦ દિવસ માટે સસ્પેન્ડ કર્યો હતો. તેની સાથે ધમકી આપી હતી કે જો ૯૦ દિવસમાં ટ્રેડ ડીલ નહીં થાય તો ૨૫ ટકા ટેરિફ લાગશે. આ પહેલા એપ્રિલમાં અમેરિકન વાઈસ પ્રેસિડેનટ્ જેડી વાન્સ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે ટ્રેડ ડીલની વાટાઘાટો માટેની ટર્મ્સ ઓફ રેફરન્સને અંતિમ સ્વરૂપ આપ્યું હતું. અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે જણાવ્યું હતું કે તમે બંને દેશ વચ્ચે નજીકના ભવિષ્યમાં ડીલ થતું જોઈ શકો છો. અમેરિકન પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક વેપારમાં ઉથલપાથલ મચાવતા તેમના એજન્ડાની જાહેરાત કરી ત્યારે ભારત વાટાઘાટો માટે અમેરિકાનો સંપર્ક કરનારા સૌપ્રથમ દેશોમાં એક હતું.

## ભારતની ચિંતા વધી : તણાવ વચ્ચે UNSCમાં પાકિસ્તાન બન્યું અધ્યક્ષ

**૨૦૨૫માં જ પાકિસ્તાનની સિક્યોરિટી કાઉન્સિલના ટેમ્પરરી મેમ્બર તરીકે પસંદગી થઈ હતી. તેને ૧૯૩માંથી ૧૮૨ મત મળ્યા હતા**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી, તા.૦૧**

ભારત સાથે તણાવ વચ્ચે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનું અધ્યક્ષ બન્યું છે. ૧ જુલાઈ, ૨૦૨૫થી આગામી બે વર્ષ માટે પાકિસ્તાન યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનું નેતૃત્વ કરશે. જાન્યુઆરી, ૨૦૨૫માં જ પાકિસ્તાનની સિક્યોરિટી કાઉન્સિલના ટેમ્પરરી મેમ્બર તરીકે પસંદગી થઈ હતી. તેને ૧૯૩માંથી ૧૮૨ મત મળ્યા હતાં. તમને જણાવી દઈએ કે, સિક્યોરિટી કાઉન્સિલના અધ્યક્ષનું પદ માસિક ધઓરણે ૧૫ સભ્યો વચ્ચે બદલાતું રહે છે.

પાકિસ્તાનના રાજદૂત આસિમ ઈફ્તિખાર અહમદે મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, પાકિસ્તાનની લીડરશીપ પારદર્શી, સમાવેશી અને ઉત્તરદાયી રહેશે. જુલાઈમાં અમે વૈશ્વિક મુદ્દાઓ પર બેઠકોનું નેતૃત્વ કરીશું. જટિલ જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ, વિશ્વમાં વધતી અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય શાંતિ તથા સુરક્ષા માટે જોખમો, સંઘર્ષો અને માનવીય સંકટો દૂર કરવા મામલે અમને સંપૂર્ણ જાણકારી છે. અમે તે મામલે ધ્યાન આપીશું.

જુલાઈમાં પ્રમુખ પદ સંભાળ્યા બાદ પાકિસ્તાન બહુપક્ષીયતા અને વિવાદોના શાંતિપૂર્ણ નિરાકરણ અને યુએન-ઈસ્લામિક કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સહયોગ પર બે ઉચ્ચ-સ્તરીય કાર્યક્રમોનું આયોજન કરશે. અહમદે જણાવ્યું હતું કે, આ થીમ્સ બહુપક્ષીયતા, નિવારક વ્યૂહનીતિ, આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે પ્રાદેશિક સંગઠનો સાથે સહયોગ જેવી સહિયારી પ્રાથમિકતાઓને પ્રતિબિંબિત કરે છે. વધુમાં પશ્ચિમ એશિયાની પરિસ્થિતિ અને આફ્રિકા, યુરોપ, એશિયા અને લેટિન અમેરિકામાં વિકાસ સહિત મુખ્ય વૈશ્વિક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રાજદૂત ઈફ્તિખાર યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસને મળ્યા હતાં. તેમણે જુલાઈમાં સિક્યોરિટી કાઉન્સિલની કાર્ય યોજના વિશે માહિતી આપી હતી. તેમણે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું કે, એક દેશ તરીકે જે સતત સંવાદ અને વ્યૂહનીતિની હિમાયત કરે છે, પાકિસ્તાન સિક્યોરિટી કાઉન્સિલના કામમાં સિદ્ધાંતવાદી અને સંતુલિત અભિગમ લાવશે. યુનાઈટેડ નેશન્સના શાંતિ પ્રયાસોમાં પાકિસ્તાનનું યોગદાન મહત્ત્વનું રહેશે. ઉલ્લેખનીય છે, અગાઉ પણ પાકિસ્તાન ૨૦૧૨-૧૩, ૨૦૦૩-૦૪, ૧૯૯૩-૯૪, ૧૯૮૩-૮૪, ૧૯૭૬-૭૭, ૧૯૬૮-૬૯ અને ૧૯૫૨-૫૩માં UNSCનો અસ્થાયી સભ્ય રહી ચૂક્યું છે.

પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાનને ઊંડા ઘા આપ્યા છે. હવે તે યુનાઈટેડ નેશન્સ સિક્યોરિટી કાઉન્સિલનો અધ્યક્ષ બનીને આનો બદલો લઈ શકે છે. એવી આશંકા છે કે આ મહિના દરમિયાન, પાકિસ્તાન ભારત વિરુદ્ધ એક બેઠક કરવાનો પ્રયાસ કરી શકે છે. UNSCનું પ્રમુખપદ મેળવ્યા પછી, તે ભારત વિરુદ્ધ જૂઠું બોલીને લાભ લેવાનો પ્રયાસ કરી શકે છે. જોકે, ભારત પણ યોગ્ય જવાબ કેવી રીતે આપવો તે જાણે છે અને સમય સમય પર તેનો ખુલાસો કરતું રહે છે.

૧૦૦૦૦ વર્ગમીટરમાં વીજ પુરવઠો ઠપ કરવાની ક્ષમતા

## ચીને હાલમાં જ એક નવા અને ખતરનાક હથિયારનો ખુલાસો કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી, તા.૦૧**

ચીને હાલમાં જ એક નવા અને ખતરનાક હથિયારનો ખુલાસો કર્યો છે. 'બ્લેકઆઉટ બોમ્બ' તરીકે ઓળખાતું આ હથિયાર દુશ્મન દેશોનો વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ કરવાની ક્ષમતા ધરાવે છે. આ બોમ્બને ચીનના સરકારી મીડિયા સીસીટીવીએ એક એનિમેટેડ વીડિયો મારફત વિશ્વ સમક્ષ રજૂ કર્યો છે.

ગ્રેફાઈટ બોમ્બ તરીકે ઓળખાતો બ્લેકઆઉટ બોમ્બ એવું ઘાતક હથિયાર છે જે કોઈપણ વિસ્ફોટ વિના દુશ્મન દેશની બત્તી ગુલ કરી શકે છે. આ બોમ્બ હાઈ વોલ્ટેજ વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને સબસ્ટેશનને ટાર્ગેટ બનાવે છે. જેમાં કાર્બન ફિલામેન્ટ્સનો ઉપયોગ થાય છે. જે વીજ સિસ્ટમમાં શોર્ટ સર્કિટ સર્જી આખા વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી શકે છે.

ચીનના મીડિયા અનુસાર, આ બોમ્બ ૧૦૦૦૦ વર્ગમીટર (૨.૫ એકર) ક્ષેત્રમાં વીજ પુરવઠો સંપૂર્ણપણે ઠપ કરવાની ક્ષમતા ધરાવે છે. જેને સોફ્ટ બોમ્બ તરીકે પણ ઓળખી શકાય. કારણકે, તે કોઈ ઈમારત કે લોકોને નુકસાન નથી પહોંચાડતું. તે માત્ર વીજ સિસ્ટમને ટાર્ગેટ બનાવે છે. જે જમીનથી લોન્ચ થતી મિસાઈલ રૂપે છોડવામાં આવે છે.

**લોન્ચિંગ:** આ બોમ્બ કોઈપણ વાહનમાંથી લોન્ચ થઈ શકે છે. મિસાઈલ હવામાં ઉડીને પોતાના ટાર્ગેટ સુધી પહોંચે છે.

**સબમ્યુનિશન રીલિઝ:** મિસાઈલ પોતાના લક્ષ્યથી ઉપર પહોંચવા માટે ૯૦ નાના સિલિન્ડર જેવા સબમ્યુનિશન છોડે છે.

**કાર્બન ફિલામેન્ટ્સનો ફેલાવો:** આ સિલિન્ડર જમીન પર પડતાં પહેલાં જ હવામાં ફૂટે છે. જેમાંથી હજારો કાર્બન ફિલામેન્ટ્સ મુક્ત થાય છે. આ ફિલામેન્ટ્સ રાસાયણિક પ્રક્રિયા સાથે તૈયાર થાય છે.

**શોર્ટ-સર્કિટ:** આ કાર્બન ફિલામેન્ટ્સ વીજની હાઈ વોલ્ટેજ લાઈન અને ઉપકરણો પર પડે છે. જેનાથી શોર્ટ-સર્કિટ થાય છે. જેનાથી વીજ સિસ્ટમ સંપૂર્ણપણે બંધ થઈ જાય છે.

આ બોમ્બની રેન્જ ૨૯૦ કિમીની છે. તેના વૉરહેડનું વજન ૪૯૦ કિગ્રા છે. સૈન્ય સબસ્ટેશન અને અન્ય મહત્ત્વપૂર્ણ વીજ ઢાંચાને ટાર્ગેટ બનાવે છે.

**હથિયારનું મહત્ત્વ :** આ બ્લેકઆઉટ બોમ્બ આધુનિક યુદ્ધની રણનીતિને બદલી શકે છે. આજના યુદ્ધમાં વીજ અને સંચાર સિસ્ટમ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. જો કોઈ દેશનો વીજ પુરવઠો ઠપ થઈ જાય તો તેની તમામ સિસ્ટમ પ્રભાવિત થઈ શકે છે.

આ બોમ્બનો ઉપયોગ જાનહાનિ વિના જ દુશ્મનને તોડી પાડવા માટે મહત્ત્વનો છે. ચીનનું આ હથિયાર તાઈવાન, અમેરિકા સહિત અન્ય પ્રતિસ્પર્ધી દેશો માટે મોટા જોખમ સમાન છે.

પહેલી નોકરી મેળવનારના ખાતામાં જમા થશે પૈસા

## કેન્દ્ર સરકારે ત્રણ મોટી યોજનાઓને આપી મંજૂરી

**પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે**



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવીદિલ્હી,તા.૦૧**

કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે (પહેલી જુલાઈ) યુવાનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે જોડાયેલી અનેક મોટી યોજનાઓને મંજૂરી આપી હતી. કેન્દ્રીય મંત્રીમંડળે રોજગાર પ્રોત્સાહન યોજનાને મંજૂરી આપી છે, જેનો લાભ બે તબક્કામાં મળશે. પહેલા તબક્કામાં, પહેલી વાર રોજગાર મેળવનારા કર્મચારીઓને બે હપ્તામાં મહત્તમ ૧૫,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આ હપ્તો નોકરી મળ્યાના છઠ્ઠા અને ૧૨મા મહિનામાં આપવામાં આવશે. વળી, બીજા તબક્કામાં દર મહિને ૩૦૦૦ રૂપિયા આપવામાં આવશે. આખી યોજના ઉત્પાદન ક્ષેત્રમાં રોજગારને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. પત્રકાર પરિષદને સંબોધતા કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'સરકાર આ યોજનામાં કુલ ૧.૦૭ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે.' રોજગાર પ્રોત્સાહન યોજનાનો હેતુ રોજગાર સર્જન, રોજગારની સંભાવનામાં વધારો અને તમામ ક્ષેત્રોમાં સામાજિક સુરક્ષાને પ્રોત્સાહન આપવાનો છે. જેમાં, ઉત્પાદન ક્ષેત્ર પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ યોજનાથી બે વર્ષમાં દેશમાં ૩.૫ કરોડથી વધુ નોકરીઓના સર્જનને પ્રોત્સાહન આપવામાં આવશે છે. આ ઉપરાંત પહેલીવાર નોકરી મેળવનારા કર્મચારીઓને પણ પ્રોત્સાહન આપશે.' પહેલીવાર નોકરી કરનારા વધારાના કર્મચારીઓને બે વર્ષ સુધી ૩૦૦૦ રૂપિયા દર મહિને પ્રોત્સાહન આપવામાં આવશે. નોકરીદાતાઓને એક લાખ રૂપિયા સુધીના વેતનવાળા કર્મચારીઓના સંબંધમાં પ્રોત્સાહન આપવામાં આવશે. ઉત્પાદન ક્ષેત્ર માટે નોકરીદાતાઓને આપવામાં આવતા પ્રોત્સાહનો ત્રીજા અને ચોથા વર્ષ માટે પણ લંબાવી શકાય છે. કેન્દ્રીય મંત્રીમંડળે કુલ ચાર મુખ્ય યોજનાઓને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળે સમગ્ર 'ખેલો ઈન્ડિયા નીતિ'ને મંજૂરી આપી છે. ૧૯૪૮માં પહેલીવાર રાષ્ટ્રીય રમત નીતિ લાગુ કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૧માં નવી સ્પોર્ટ્સ પોલિસી જાહેર કરવામાં આવી છે. હવે કેન્દ્ર સરકાર ખેલો ભારત નીતિ ૨૦૨૫ લાગુ કરશે. જે હેઠળ યુવાનોને રમત માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, 'અમારો હેતુ રમતના મામલે દુનિયાના ટૉપ ૫ દેશમાં ભારતને સામેલ કરવાનો છે.' કેન્દ્રીય મંત્રીમંડળે સંશોધન, વિકાસ અને નવીનતા યોજનાને મંજૂરી આપી છે. સરકાર આ યોજનામાં ૧ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. જે હેઠળ યુવાનોને સંશોધન અને નવીનતા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આ ઉપરાંત, મંત્રીમંડળે તમિલનાડુમાં ૧,૮૫૩ કરોડ રૂપિયાના ખર્ચે ૪-લેન પરમાકુડી-રામનાથપુરમ સેક્શન (૪૬.૭ કિમી) ના નિર્માણને મંજૂરી આપી છે.

# ઈરાનને અમેરિકાની ધમકી; ૧૦૦ GBનો ઈ-મેઈલ બોમ્બ ફોડી દઈશું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ઈરાન, તા.૦૧**

ઈરાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવપૂર્ણ માહોલ વચ્ચે ઈરાન સાથે જોડાયેલા એક હેકિંગ જૂથે અમેરિકાને ધમકી આપી છે કે, તે ઈમેઈલનો ૧૦૦ GB ડેટા લીક કરી દેશે.

આ ડેટા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના અંગત લોકોનો છે. ગત વર્ષે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન એક સાયબર અટેક જૂથે દાવો કર્યો હતો કે, તેની પાસે આશરે ૧૦૦ GB ઈમેઈલ ડેટા છે. જેને તે લીક કરી શકે છે. હેકર્સે 'રોબર્ટ' નામનો ઉપયોગ કરી ટ્રમ્પના સલાહકાર રોજર સ્ટોન અને વ્હાઈટ હાઉસના ચીફ ઑફ સ્ટાફ સૂસી વિલ્સ, સ્ટોર્મી ડેનિયલ્સ સહિત અન્ય સહયોગી વચ્ચે થયેલા સંવાદ સામેલ છે. જેને ઈરાનના હેકર્સે ચોરી લીધા છે. ટ્રમ્પના વકીલ લિંડસે હોલિગન અને સ્ટોર્મી ડેનિયલ્સના ઈમેઈલ એકાઉન્ટ્સના પણ ડેટા સામેલ છે.

સ્ટોર્મી ડેનિયલ્સ એડલ્ટ ફિલ્મોની અભિનેત્રી છે. જેના કથિત રૂપે ટ્રમ્પ સાથે સંબંધો હોવાના અહેવાલો મળ્યા હતાં. તેને મોઢું બંધ રાખવા માટે ટ્રમ્પે ૧,૩૦,૦૦૦ ડોલરની ચૂકવણી પણ કરી હતી.

હેકર્સે ઈમેઈલ કન્ટેન્ટ સંબંધિત માહિતી આપવાનો ઈનકાર કરી દીધો છે.

યુએસ એટર્ની જનરલ પામ બોંડીએ આ હેકિંગને ભયાનક સાયબર અટેક ગણાવ્યો હતો. FBIના ડિરેક્ટર કાશ પટેલે જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાના ભંગમાં સંડોવાયેલા લોકો વિરૂદ્ધ સંપૂર્ણ તપાસ કરવામાં આવશે અને કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. અમેરિકની સાયબર સિક્યોરિટી એજન્સીએ X પર લખ્યું હતું કે, આ કહેવાતો સાયબર અટેક નથી પણ ડિજિટલ પ્રોપેગેન્ડા છે.

પ્રમુખ ટ્રમ્પને નુકસાન પહોંચાડવા અને માનનીય જાહેર સેવકોને બદનામ કરવાનું કાવતરૂ છે. ઈરાનના હેકર્સે અમેરિકાને ધમકી આપી હતી કે, ૨૦૨૪માં રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી દરમિયાન હેક કરવામાં આવેલો ૧૦૦ GB ડેટા લીક કરવાની અમારી કોઈ યોજના ન હતી. પરંતુ છેલ્લા ૧૨ દિવસમાં ઈરાન-ઈઝરાયલ વચ્ચે ચાલેલા યુદ્ધ અને અમેરિકાના પરમાણુ મથકો પર કરવામાં આવેલા હુમલા બાદ અમે તેને લીક કરવા મજબૂર બન્યા છે.

આ લીક કાંડમાં ઈરાનના રિવોલ્યૂશનરી ગાર્ડ્સ કોર્પ્સના ત્રણ સભ્યોની સંડોવણી હોવાનું જાણવા મળ્યું હતું. જો કે, ઈરાને આરોપો ફગાવ્યા હતા.

# ગાઝામાં સ્થિતિ બેકાબૂ, ૧૫ દિવસમાં ૧૦૦૦ લોકોના મોત, ૨૩ લાખ લોકો સામે ભૂખમરાનું સંકટ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાઝા,તા.૦૧**

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરના કારણે ઈઝરાયલે ઈરાન પર હુમલા તો અટકાવી દીધા છે, પરંતુ ગાઝા પર હુમલા ચાલુ છે. ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝામાં સ્થિત કેફે, શાળા અને ભોજન વિત્તરણ સ્થળો પર હુમલો કરતાં આશરે ૯૪ લોકો માર્યા ગયા હતાં. યુનાઈટેડ નેશન્સના રિપોર્ટ અનુસાર, છેલ્લા ૧૫ દિવસમાં ઈઝરાયલના હુમલામાં ગાઝાના ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના હુમલાના કારણે ગાઝામાં રહેતાં ૨૩ લાખ લોકો સામે ભૂખમરાનું સંકટ ઉભુ થયુ છે.

ગાઝાના સ્વાસ્થ્ય અધિકારીઓના આંકડાઓને ધ્યાનમાં લઈએ તો ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી અત્યારસુધીમાં હુમલામાં ૫૬૫૦૦ પેલેસ્ટિનિયન મોતને ભેટ્યા છે. ખાલિદ ખેરીએ જણાવ્યું હતું કે, ગાઝામાં પીડા અને ક્રૂરતાનું સ્તર અસહ્ય છે. પેલેસ્ટિનિયનને સામૂહિક ધોરણે મારવામાં આવી રહ્યા છે.

ગઈકાલે સોમવારે ઈઝરાયલે ગાઝા પર હુમલો કરતાં કુલ ૯૫ લોકોના મોત થયા હતાં. જેમાંથી ૩૯ના મોત તો એક કેફેમાં જ થયા હતાં. દરિયાકિનારે આવેલા અલ-બાકા કેફે નજીક હુમલો થતાં ૩૦ પેલેસ્ટિનિયન માર્યા ગયા હતાં. આ કેફેમાં ભોજન નહીં પણ મોબાઈલ ચાર્જ અને ઈન્ટરનેટ કનેક્શન મળી રહ્યું હતું. જ્યાં એક સ્થાનિક પત્રકાર ઈસ્માઈલ અબુ હતબ પણ માર્યા ગયા હતાં. પ્રત્યક્ષદર્શીએ જણાવ્યું હતું કે, ઈઝરાયલના ફાઈટર જેટ વડે હુમલો કરવામાં આવ્યો હતો.

ઈઝરાયલના સૈન્ય દળોએ કોઈપણ પ્રકારનું એલર્ટ આપ્યા વિના જ ગઈકાલે હુમલા કર્યા હતાં. તેમણે ટેન્ટમાં આશરો લઈ રહેલા શરણાર્થીઓને ટાર્ગેટ બનાવ્યા હતાં. ટેન્ટમાં લાશોના ઢગલાં જોવા મળ્યા હતાં. ઝૈતોન વિસ્તારમાં ભોજન વિત્તરણ કરતા વેરહાઉસ પર હવાઈ હુમલો કર્યો હતો. જ્યાં ૧૩ લોકો માર્યા ગયા હતાં. આ સિવાય ગાઝાના યાફા શાળામાં પણ બોમ્બ ફેંક્યો હતો.

વ્હાઈટ હાઉસ ગાઝામાં યુદ્ધ સમાપ્ત કરવાના પ્રયાસો કરી રહ્યું છે. અમેરિકાના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, તેઓ હવે ગાઝા અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધવિરામ કરાર અને બંધકોને મુક્ત કરવા પર ચર્ચા કરી રહ્યા છે. ઈરાન અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયર કરાવ્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ ઈઝરાયલ અને હમાસ વચ્ચે ચાલી રહેલુ યુદ્ધ રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ટ્રમ્પે પણ ગત શુક્રવારે સંકેત આપ્યો હતો કે, આગામી સપ્તાહ સુધી યુદ્ધવિરામ પર સહમતિ મળી શકે છે.

## કેનેડા અને અમેરિકા વચ્ચે વેપાર સોદા માટે પુનઃ મંત્રણા શરૂઃ PM કાર્ની

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ટોરોન્ટો, તા.૦૧**

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીના મતે તેમણે યુએસની ટેક્નોલોજી કંપનીઓ પર કર લાગુ કરવાની યોજના રદ કરતાંની સાથે જ અમેરિકા સાથે વેપાર મંત્રણા પુનઃ શરૂ થઈ છે. સોમવારથી કેનેડાની યુએસની ટેક્નોલોજી કંપનીઓ ઉપર ટેક્સ લાગુ કરવાની યોજના હતી. આ મામલે અગાઉ અમેરિકાના પ્રમુખ ડોન્લ્ડ ટ્રમ્પે કેનેડા દ્વારા યુએસની આઈટી કંપનીઓ પર કર લાગુ કરવો તે અમેરિકા ઉપર પ્રત્યક્ષ અને ખુલો હુમલો ગણાવ્યો હતો. કેનેડાની સરકારે બાદમાં સ્પષ્ટતા કરી હતી કે વેપાર સોદાની અપેક્ષાએ યુએસ ટેક કંપનીઓ પાસેથી કર નહીં વસૂલે. કેનેડેના પીએમ કાર્નીની કચેરી દ્વારા જણાવાયું હતું કે, કાર્ની અને ટ્રમ્પ વાટાઘાટ માટે સહમત થયા છે. તાજેતરમાં કેનેડાના કાનાનાસ્કિસ ખાતે જી૭ દેશોના વડાઓની બેઠક મળી હતી અને તેમાં ૨૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં વાટાઘાટ પુનઃ શરૂ કરવાની સમયમર્યાદાને આ જાહેરાતથી સમર્થન મળ્યું છે. કેનેડાની ડિજિટલ ટેક્સ લાગુ કરવાની યોજનાથી અમેરિકાની એમેઝોન, ગૂગલ, મેટા, ઉબર અને એરબીએનબી સહિતની કંપનીઓ પર પ્રતિકૂળ અસર પડી શકત. આ કંપનીઓને કેનેડાના ગ્રાહકો પાસેથી થતી આવક પર ત્રણ ટકા ટેક્સ ભરવો પડત. પાછલી તારીખથી અમલ થવાથી અમેરિકાની કંપનીઓ પર મહિનાના અંત સુધીમાં બે અબજ યુએસ ડોલરનું ભારણ આવે તેવી શક્યતા હતી. કેનેડેના પીએમ કાર્નીએ મેમાં વ્હાઈટહાઉસમાં ટ્રમ્પ સાથે બેઠક કરી હતી જેમાં તે નમ્ર પરંતુ ટેક્સ મુદ્દે મક્કમ જણાતા હતા. ટ્રમ્પ પણ જી૭ સંમેલન માટે અલ્બર્ટા પહોંચ્યા હતા અને અમેરિકાએ વેપાર વાટાઘાટ માટે એક મહિનાની સમયમર્યાદા નક્કી કરી હતી.

પોતાના દેશના લોકો વિરુદ્ધ કરી ગંભીર ટિપ્પણી

# થાઈલેન્ડના વડાપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રા પદ પરથી સસ્પેન્ડ કરાયા



વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલે કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**થાઈલેન્ડ, તા.૦૧**

થાઈલેન્ડની બંધારણી કોર્ટે એક શબ્દના કારણે વડાપ્રધાન પૈતોંગટાર્ન શિનવાત્રાની હકાલપટ્ટી કરી દીધી છે. તેમના પર પોતાના દેશના લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરવાનો આરોપ લાગ્યો છે. કોર્ટે કહ્યું છે કે, જ્યાં સુધી કેસની તપાસ પુરી ન થાય, ત્યાં સુધી ૩૮ વર્ષીય શિનવાત્રા વડાપ્રધાન પદ નહીં સંભાળે.

કોર્ટે કહ્યું છે કે, વડાપ્રધાન શિનવાત્રાએ પોતાના દેશનો લોકો વિરુદ્ધ ગંભીર ટિપ્પણી કરી હોવાથી તેમને એક જુલાઈથી સસ્પેન્ડ કરવામાં આવે છે. શિનવાત્રાએ દુશ્મન દેશ કંબોડિયાના વડા સાથે ફોન પર વાતચીત કરતી વખતે થાઈલેન્ડના આર્મી વડા વિરુદ્ધ અયોગ્ય ટિપ્પણી કરી હતી.


થાઈલેન્ડની કોર્ટે વડાપ્રધાનના આચરણને અયોગ્ય ઠેરવ્યો છે. કોર્ટે કહ્યું કે, શિનવાત્રાએ જે રીતે પોતાના દેશના લોકો વિરુદ્ધ ટિપ્પણી કરી છે, તે આચરણ વિરુદ્ધની છે.

કોર્ટે તપાસ એજન્સીને કહ્યું છે કે, તેઓ સંપૂર્ણ તપાસ કરીને ૧૫ દિવસમાં રિપોર્ટ જમા કરાવે, ત્યારબાદ આગળની કાર્યવાહી કરાશે.

વાસ્તવમાં થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે સરહદ વિવાદ ચાલી રહ્યો છે. મે મહિનામાં સરહદ વિવાદ થયો હતો, જેમાં એક કંબોડિયન સૈનિક સહિત કેટલાક લોકોના મોત થયા હતા. શિનવાત્રાએ બંને દેશોના તણાવ મુદ્દે કંબોડિયાના સીનેટના પ્રમુખ હુન સેન સાથે ફોન પર વાત કરી હતી. શિનવાત્રાએ તેમને અંકલ કરીને સંબોધ્યા હતા અને થાઈલેન્ડના સેનાઅધ્યક્ષને પોતાના દુશ્મન કહ્યા હતા. તેમણે કહ્યું હતું કે, હાલ કંબોડિયાની સરહદ પર જનરલ તહેનાત છે, તે મારા દુશ્મન છે તેથી જ કંબોડિયા સાથે વિવાદ ચાલી રહ્યો છે. વિવાદ સામે આવ્યા બાદ શિનવાત્રાએ માફી માંગી છે, જોકે મામલો કોર્ટમાં પહોંચ્યા બાદ તેમને વડાપ્રધાન પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, હું કોર્ટના નિર્ણયનું પાલન કરીશ. હું તપાસ કે ન્યાયિક કાર્ડમાં અચડણો ઊભી કરવા માંગતી નથી. અગાઉ તેમના પિતા થાકસિન શિનવાત્રા પણ વડાપ્રધાન રહી ચુક્યા છે. થાઈલેન્ડના શિનવાત્રા અને કંબોડિયાના હુન સેનના પરિવાર દાયકાઓથી એકબીજાને જાણે છે અને સારા સંબંધો પણ ધરાવે છે.



# '૧૨૦ બહાદુર' ફિલ્મમાં ચીનના ૧૨૦૦ સૈનિકોની પરાજયની સ્ટોરી જોવા મળશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૧**

ભારત અને પાકિસ્તાનની વચ્ચે થયેલા યુદ્ધ અને ટકરાવ પર બનેલી ફિલ્મો દર્શકોએ ખૂબ જોઈ છે. 'બોર્ડર'થી લઈને 'ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક' જેવી ફિલ્મોમાં ભારતીય સૈનિકોની શૂરવીરતા જોવા મળી છે. હવે ભારતીય સૈન્યના બહાદૂર સૈનિકોની એક બહાદુરની સ્ટોરી જલદી જ સિનેમાના પડદા પર જોવા મળશે. આ સ્ટોરીમાં ભારતના ફક્ત ૧૨૦ સૈનિકોએ ચીનના ૧૨૦૦ સૈન્ય જવાનોને એવી ધૂળ ચટાડી હતી કે તેની સ્ટોરી આજે પણ સાંભળવા મળે છે. હવે તેના પર ફિલ્મ બની રહી છે, જેનું નામ છે – '૧૨૦ બહાદુર'. જે આવનાર સમયમાં રિલીજ થશે.

**ભારતીય ફિલ્મોમાં પાકિસ્તાનના પરાજય સ્ટોરી અનેક જોઈ, હવે ચીનને ધૂળ ચટાડ્યાની સ્ટોરી જોવા મળશે**


આ ફિલ્મને ફરહાન અખ્તર બનાવી રહ્યા છે. અદ્ભૂત સાહસના પ્રતીક બનવા પહેલા, રેજાંગ લા લદ્દાખના પૂર્વ ક્ષેત્રમાં ચુશૂલ ગામની પાસે એક દુર્ગમ પર્વતીય ઘાટ હતો. દરિયાઈ સપાટીથી લગભગ ૧૮૦૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થિત, આ બરફવાળો વિસ્તાર ભારતીય સૈન્યના ઈતિહાસનું શૂરવીરતાનું પ્રતીક બની ગયો છે. અહીં ૧૩ કુમાઉ બટાલિયનની ચાર્લી કંપની હતી. નવેમ્બર ૧૯૬૨માં ચાર્લી કંપનીના ૧૨૦ સૈનિક ચુશૂલ સેક્ટરની સુરક્ષા માટે ઉચ્ચ ઊંચાઈવાળા ચોકી પર તૈનાત હતા. ઠંડી હવાઓ, દુર્ગમ વિસ્તાર અને વધી રહેલા દબાણનો સામનો કરીને, એ આગળ વધીને શતુની સામે ટકી રહ્યા, કોઈ પણ કિમત પર લાઈનને પકડવા માટે દૃઢ સંકલ્પિત હતા. મેજર શૈતાનસિંહ ભાટીના નેતૃત્વમાં ચાર્લી કંપનીના ૧૨૦ જવાનોએ ૧૮ નવેમ્બર ૧૯૬૨ની રાત્રે ૧૨૦૦થી વધુ ચીની સૈનિકોની સામે લડાઈમાં મહાન સાહસનો પરિચય આપ્યો. તેમણે રેજાંગ લામાં પોતાની ચોકીથી સતત હુમલાઓને પાછલ ધકેલી દીધા. મેજર શૈતાન સિંહ બાટી જેમણે ભૂમિદળની બટાલિયનનું નેતૃત્વ કર્યું અને ચીનની સેનાથી ચુશૂલ હવાઈ ક્ષેત્રની રક્ષા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપ્યું. જેમને મરણોત્તર ભારતના સર્વોચ્ચ સૈન્ય સન્માન પરમવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. ફરહાન અખ્તર '૧૨૦ બહાદુર'ના દિગ્દર્શક છે. આ યુદ્ધની વીરતાએ આવી કેટલીયે કથા છોડી દીધી છે જે સૈન્ય સંસ્થાઓ અને ઈતિહાસના પુસ્તકોમાં ધ્વનિત થતી રહી છે. ચાર્લી કંપની બલિદાનનું પ્રતીક બની ગઈ અને એ યાદ અપાવે છે કે કેવી રીતે મુઠ્ઠીભર બહાદુર દિલોએ આખા યુદ્ધની વાર્તા ફરીથી લખી નાંખી. હવે તેમની અસાધારણ કથા '૧૨૦ બહાદુર' ફિલ્મમાં જોવા મળશે. જેમાં ફરહાન અખ્તર મેજર શૈતાનસિંહ ભાટી પીવીસીની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૨૧મી નવેમ્બર ૨૦૨૫એ થિએટરોમાં રિલીજ થવાની છે.

દિલજીતના સમર્થનમાં નસીરુદ્દીન શાહની ટિપ્પણી

## 'પાકિસ્તાનમાં મારા સારા મિત્રો છે, કોઈ મને રોકી નહીં શકે'

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૧**

દિલજીત દોસાંઝ અને પાકિસ્તાની એક્ટ્રેસ હાનિયા આમિરની ફિલ્મ સરદારજી ૩ ભારતમાં રિલીઝ નથી થઈ શકી. ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક સંગઠનોએ આ ફિલ્મને ભારતમાં રિલીઝ કરવા પર પ્રતિબંધ કરવાની માંગ કરી હતી. કેટલાક કલાકારોએ દિલજીતનો વિરોધ કર્યો હતો, તો જાવેદ અખ્તર અને ઈમ્તિયાઝ અલી સહિત કેટલાક સેલેબ્સે દિલજીતને સપોર્ટ કર્યો છે. હવે તેને સપોર્ટ કરનારાના લીસ્ટમાં એક બીજુ નામ જોડાયું છે. આ એક્ટરનું નામ છે નસીરુદ્દીન શાહ. તેમણે દિલજીતને ખુલ્લેઆમ ટેકો આપ્યો છે એટલું જ નહીં ફિલ્મનો વિરોધ કરનારા લોકોને ગુંડા કહ્યા છે. નસીરુદ્દીન શાહએ દિલજીતને સપોર્ટ કરતાં તેમના ફેસબુક પેજ પર લખ્યું છે કે, 'હું મજબૂત રીતે દિલજીતની સાથે ઉભો છું. જુમલા પાર્ટીવાળા ગંદી ચાલથી દિલજીત દોસાંઝ પર હુમલો કરવાની તક શોધી રહ્યા છે. તેમને લાગે છે કે, આખરે અમને તક મળી ગઈ છે. ફિલ્મના કાસ્ટિંગ માટે તે જવાબદાર નથી, દિગ્દર્શક જવાબદાર છે, પરંતુ કોઈને ખબર નથી કે દિગ્દર્શક કોણ છે...' નસરુદ્દીન શાહે આગળ કહ્યું કે, 'જ્યારે દિલજીતને આખી દુનિયા ઓળખે છે અને તે કાસ્ટિંગ માટે રાજી થઈ ગયો. કારણ કે, તેના મગજમાં ઝેર નથી ભરેલું. આ ગુંડાઓ ઈચ્છે છે, કે ભારત અને પાકિસ્તાનના લોકોની વચ્ચે વ્યક્તિગત સંબંધોનો અંત આવે. ત્યાં મારા નજીકના સંબંધીઓ અને કેટલાક ખાસ મિત્રો પણ છે અને મને તેમને મળવા જવા પર કે પ્રેમ મોકલવા માટે કોઈ રોકી નહી શકે.'



વર્કઆઉટના વીડિયોની ટીકા કરનારને સામંથાનો સણસણતો જવાબ

## 'સમજી વિચારીને બોલો': હેટર્સ પર સામંથાનો ગુસ્સો ઠલવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૦૧**

દક્ષિણ ભારતીય ફિલ્મોની જાણીતી અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ પોતાના લગ્ન પછીથી ચર્ચામાં રહે છે. કેટલાક દિવસો પહેલા અભિનેત્રી પોતાના વેકેશનમાંથી પરત આવી છે અને આવતા જ સોશ્યલ મીડિયા પર હલચલ મચી હતી. દક્ષિણ ભારતીય સુપરસ્ટાર સામંથા પોતાની શારીરિક ફિટનેસને કારણે ચર્ચામાં રહે છે. સામંથા રૂથ પ્રભુએ ઈંસ્ટાગ્રામ સ્ટોરી પર એક વીડિયો મૂક્યો છે, જેમાં એ જિમમાં વર્કઆઉટ કરતી જોવા મળી રહી છે. પરંતુ આ વીડયોના કેપ્શન સૌનું ધ્યાન ખેંચી રહ્યા છે. અભિનેત્રી સામંથા પોતાના રંગ-રુપ અંગે ખોટી વાત સાંભળીને ગુસ્સે ભરાઈ ગઈ, પછી તેણે હેટર્સને સંભળાવી પણ દીધું. ખાસ કરીને એ મેસેજ એ લોકો માટે છે જે સામંથાને 'પાતળી' કે 'બીમાર' કહે છે.

સામંથાએ જિમમાં કસરત કરતી વખતે પુલઅપનો એક વીડિયો શેર કર્યો. આ શેર કરતા જ સામંથાએ લોકોને પડકાર ફેંક્યો કે એ તેના શરીર કે તેના સ્વાસ્થ્યની ટીકા કરતા પહેલા ઓછામાં ઓછા ત્રણ પુલઅપ કરે. સામંથાએ લખ્યું કે, 'આ વાત છે. તમે મને દુબળી, બીમાર કે આવું કશુંય કહી શકો નહીં, જ્યાં સુધી તમે ત્રણ પુલઅપ પહેલા કરી લો નહીં. જો તમે આમ કરી શકો નહીં... તો લાઈનોની વચ્ચેમાં વાંચો અને સમજી વિચારીને બોલો.' આ પહેલીવર નથી, જ્યારે સામંથાએ પોતાના વજન કે લુક પર ટિપ્પણીઓનો જવાબ આપવો પડ્યો છે.

ગત વર્ષે નવેમ્બરમાં પણ અભિનેત્રીએ એક સોશ્યલ મીડિયા પોસ્ટનો જવાબ આપ્યો હતો, જેમાં સામંથાને વજન વધારવા અને બલ્કઅપ કરવા કહેવામાં આવ્યું હતું. ત્યારે પણ સામંથાએ લખ્યું હતું કે, તમને લોકોને ખબર હોવી જોઈએ, હું એક સખત એન્ટી-ઈન્ફલેમેટરી ડાઈટ લઈ રહી છું જે મારી સ્થિતિ માટે જરૂરી છે, જે મને વજન રોકવાથી રોકે છે. એક નિશ્ચિત વજન મર્યાદમાં રાખે છે જે મારી સ્થિતિને યોગ્ય કરે છે. સાથે જ સામંથાએ લોકોને પોતાને જજ નહી કરવા કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ૨૦૨૧માં અભિનેત્રી સામંથાએ નાગા ચૈતન્યથી છૂટાછેડા લીધા હતા. ૨૦૨૪માં સામંથાએ વિજય દેવરકોંડાની સાથે શિવ નિર્માણના રોમેન્ટિક ડ્રામા 'કુશી'માં અભિયન કર્યો હતો. સામંથા તાજેતરમાં શુભમની સાથે પ્રોડ્યુસર બની છે. એ જલદી જ 'માં ઈંતિ બંગારામ'માં જોવા મળશે, જે એ ખુદ પ્રોડ્યુસ કરી રહી છે અને નેટફિલક્સની 'રક્ત બ્રહ્માંડઃ ધ બ્લડી કિંગડમ'માં જોવા મળશે.

# રીના સાથે છૂટાછેડા પછી હું બહુ જ ડિપ્રેશનમાં હતોઃ આમીર

**આમિર ખાન આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સિતારે જમીન પર' માટે સમાચારમાં છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૦૧**

બોલીવુડ અભિનેતા આમિર ખાન આ દિવસોમાં તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'સિતારે જમીન પર' માટે સમાચારમાં છે. આમિરની આ ફિલ્મ ૨૧ જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આમિરની ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર કલેક્શન કરી રહી છે. આ ફિલ્મે માત્ર ૧૦ દિવસમાં ઘણી મોટી ફિલ્મોના રેકોર્ડ તોડી નાખ્યા છે. આવી સ્થિતિમાં, હવે આમિર તેના તાજેતરના ઈન્ટરવ્યુ માટે સમાચારમાં છે.

આમિરે ઈન્ટરવ્યુમાં તેની પહેલી પત્ની રીના દત્તા સાથેના છૂટાછેડા વિશે વાત કરી. આમિર ખાન અને રીના દત્તાએ ખૂબ જ નાની ઉંમરે લગ્ન કર્યા હતા. પરંતુ તેમના લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં અને ૨૦૦૧ માં તેમના છૂટાછેડા થઈ ગયા. આવી સ્થિતિમાં, આમિરે કહ્યું કે, આ બંને સ્ટાર્સે તે ખરાબ સમયમાં તેની સંભાળ રાખી હતી.

આમિર ખાને તેના જીવનના મુશ્કેલ તબક્કાને યાદ કર્યો જ્યારે તે તેની પહેલી પત્ની રીના દત્તાથી અલગ થયો હતો. તેણે કહ્યું, 'જે સાંજે રીના તેના ઘરેથી નીકળી, તે ખાલીપણું અને મૂંઝવણથી ભરેલો હતો. અભિનેતાની આસપાસ કોઈ ન હોવાથી, તે સમજી શકતો ન હતો કે આ પીડા કેવી રીતે સહન કરવી. આ પછી, આમિરે તેની પીડાને ઘટાડવા માટે દારૂનો આશરો લીધો. પરંતુ તેની લાગણીઓનો સામનો કરવા માટે દારૂ પીવાની શરૂઆત એક આદતમાં ફેરવાઈ ગઈ જે દોઢ વર્ષ સુધી ચાલી. આમિરે યાદ કર્યું કે દારૂ પીધા પછી તે કેવી રીતે બેહોશ થઈ જતો હતો.

આમિરે ઈન્ટરવ્યુમાં કહ્યું, 'જ્યારે ઘરે કોઈ ન હતું અને હું એકલતા અનુભવી રહ્યો હતો, ત્યારે મને સમજાતું ન હતું કે શું કરવું? તો તે દિવસે મેં બોટલ ખોલી અને આખી બોટલ પીધી અને પછીના દોઢ વર્ષ સુધી મેં પીધું..., દરરોજ રાત્રે હું દારૂ પીતો... મને ઊંઘ ન આવતી, હું બેહોશ થઈ જતો. પરંતુ ભાવનાત્મક ઉથલપાથલ વચ્ચે, આમિરને ઉદ્યોગના કેટલાક મિત્રોનો ટેકો મળ્યો. આવી જ એક મિત્ર જુહી ચાવલા હતી. અભિનેતાએ કહ્યું, 'અચાનક, મને જુહીનો ફોન આવ્યો. તેણે કહ્યું કે, હું તમને મળવા આવવા માંગુ છું. મેં કહ્યું, મેં સાત વર્ષથી જુહી સાથે વાત કરી નથી. મેં કહ્યું કે આવજો. તે મારા ઘરે આવી અને કહ્યું કે મેં છાપામાં વાંચ્યું છે કે તમે અને રીના તૂટી ગયા છો, તમે લોકો અલગ રહી રહ્યા છો. મેં કહ્યું હા. તેણે કહ્યું કે, આ ખૂબ ખોટું છે, જે કંઈ થયું છે તે હું સાંભળવા માંગતો નથી, પણ તમે જઈને સમાધાન કરો.

આમિરે તે જ વાતચીતમાં કહ્યું કે, તેના માટે આ સમયગાળાનો બીજો મહત્વપૂર્ણ વળાંક એ હતો કે સલમાન ખાન તેને મળવા આવ્યો હતો. આમિર એકલા રહેવા માટે લોકોને મળવાનું ટાળતો હતો, પરંતુ સલમાન તેના ઘરે રાત્રિભોજન માટે આવતો હતો અને તેઓ કલાકો સુધી વાતો કરતા હતા. આમિરે કહ્યું, 'તે સમયે જ્યારે હું એકલો બેસતો હતો, કોઈને મળતો નહોતો, જેમ જુહી મને મળવા આવતી હતી, સલમાન પણ આવતો હતો. તે મારા ઘરે રાત્રિભોજન માટે આવતો હતો અને અમે લાંબી વાતો કરતા હતા. તે સમયે હું ડિપ્રેશનમાંથી પસાર થઈ રહ્યો હતો, તેથી મેં મારા હૃદયની વાત તેની સાથે ખુલ્લેઆમ શેર કરી. તેણે મને ઘણી બધી વાતો કહી. આમ, એક રીતે અમારું બંધન ૨૦૦૧-૨૦૦૨ ની આસપાસ મિત્રો તરીકે શરૂ થયું.'

ડોક્ટર્સ ડે નિમિત્તે

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સલવાવ બાલ ભવનમાં આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન કરાયું



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૦૧**

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ સલવાવ બાલભવન ડોક્ટર્સ ડે નિમિત્તે શાળાના બાળકોના આરોગ્ય તપાસ કાર્યક્રમનું આયોજન આચાર્યા શ્રીમતી નીતુ સિંગ અને આચાર્ય શ્રીમતી આશા દામા અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ચિરાયુ હોસ્પિટલના બાળરોગ નિષ્ણાંત ડો.અક્ષયા ઉગલેએ માતાપિતાને બાળ સંભાળ, પોષણ અને બાળકોના સ્વાસ્થ્ય જાળવણી અંગે મૂલ્યવાન સમજ આપી હતી. આ અવસરે શાળાના બાળકોએ નૃત્ય પ્રસ્તુત કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા.

ત્યારબાદ, એમ.ફાર્મનાં વિદ્યાર્થીઓ દ્વારા શ્રીમતી ભાવનાબેન ભાંભોરિયા કોલેજની ટીમે શાળાના બાળકોનું આરોગ્યની તપાસણી કરી અને આરોગ્ય કાર્ડનું વિતરણ કર્યું હતું.

આ કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના આદ્યસ્થાપક પૂરાણી સ્વામી શ્રી કેશવરચરણદાસજી, મેનેજીંગ ટ્રસ્ટી પૂ. સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી રામ કૃષ્ણદાસજી, સ્વામી હરિ કૃષ્ણદાસજી, માધવ કૃષ્ણદાસજી, ટ્રસ્ટી ગણ, એકેડેમિક ડાયરેકટરશ્રી ડો. શૈલેષભાઈ લુહાર, એડમીન ડાયરેકટર શ્રી હિતેનભાઈ ઉપાધ્યાય તથા આચાર્યગણ વગેરેએ પ્રિ-સ્કૂલનાં શિક્ષકો અને આચાર્યની કામગીરીને બિરદાવી હતી.

સરકાર દ્વારા રાતોરાત બ્લેક ટ્રેપ ખનીજની રોયલ્ટીમાં ૧૦૦ ટકાનો ભાવ વધારો ઝીંકાતા

# નવસારી જિલ્લાના બ્લેક ટ્રેપ ખનીજ ઉપભોક્તાઓને મોંઘવારીનો માર સહન કરવાની આવેલી નોબત

**હાલે ટન દીઠ ૪૫ રૂપિયાની રોટલ્ટીના સીધા ૯૦ રૂપિયા થઈ જશેઃ સરકાર દ્વારા રોયલ્ટીના ભાવ વધારા બાબતે ફેર વિચારણા કરી રાહત આપવા ઉઠેલી માંગ**



-તસવીરઃ દિપક સોલંકી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**ચીખલી,(વંકાલ), તા.૦૧**

ચીખલી તાલુકાના આલીપોર, દેગામ, બામણવેલ, માણેકપોર, ખૂંધ, રેઠવાણીયા, ચાસા સહિતના ગામોમાં ૯૦ની આસપાસ ક્વોરીઓ આવેલ છે. અને મોટાપાયે ક્વોરી ઉધોગ ધમધમે છે. તાલુકામાંથી વિશાળ માત્રામાં બ્લેક ટ્રેપ ખનીજના વિવિધ ઉત્પાદનોમાં દમણ, સેલવાસ, વાપી, વલસાડ, સુરત, ડાંગ સહિતના વિસ્તારમાં વહન થતું હોય છે અને સરકારને આ બ્લેક ટ્રેપ ખનીજ પેટે માત્ર નવસારી જિલ્લામાંથી માસિક ૮ કરોડ રૂપિયાની આવક થતી હોય છે.

ઉપરોક્ત સંજોગોમાં સરકાર દ્વારા કોઈપણ જાતની આગોતરી જાણ કર્યા વિના રાતોરાત બ્લેક ટ્રેપ ખનીજની રોયલ્ટીમાં સીધેસીધો ૧૦૦ ટકાનો ભાવ વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેને લઈને હાલની ૪૫ રૂપિયાની રોયલ્ટી બમણી થઈને ૯૦ રૂપિયા થઈ જવા પામી છે.

જેમાં ઉત્પાદકોને કોઈ નુકસાન નથી પરતુ આ બ્લેક ટ્રેપ ખનીજનું ઉપયોગ કરનારાઓને મોંઘવારી સહન કરવાની નોબત આવી છે. રોયલ્ટીના ભાવ બમણા કરાતા બ્લેક ટ્રેપ ખનીજના ઉત્પાદનો વધુ મોંઘા થતા બાંધકામની રકમ વધી જતાં ઘર સપનું સાકાર કરનારાઓને વધુ એક મોંઘવારીનો ઝટકો લાગવા સાથે બજેટ ખોરવાઈ જવા પામ્યું છે.

બીજી તરફ સરકારને ઘી કેળા હોય તેમ નવસારી જિલ્લાની જ વાત કરીએ તો હાલે જે માસિક ૮ કરોડની આવક છે. તે સીધી ૧૬કરોડ રૂપિયા પર પહોંચશે અને પ્રજાએ મોંઘવારીનો ભાર સહન કરવાની નોબત આવી છે. ત્યારે સરકાર દ્વારા આ રોયલ્ટીના ભાવ વધારા બાબતે ફેર વિચારણા કરી લોકોને રાહત આપવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

**ઈલેક્ટ્રિક ડિટોનેટરનો ભાવ રૂ. ૪૫ હતો જેને રૂ. ૩૦૦ કરાયો**

સરકાર દ્વારા બ્લેક ટ્રેપ ખનીજની રોયલ્ટી ઉપરાંત બ્લેક ટ્રેપની ખાણની બ્લાસ્ટીંગમાં વપરાતા ઈલેક્ટ્રિક ડીટોનેટરના ભાવ નંગ દીઠ ૪૫ રૂપિયા હતા. એના સીધા ૩૦૦ રૂપિયા કરી દેવામાં આવ્યા છે. બીજી તરફ બ્લાસ્ટીંગ માટેની મશીનરી પણ બદલાઈ જતા બ્લાસ્ટીંગનો ખર્ચ પણ વધશે એવામાં આ ભાવ વધારાનો ભાર પણ બ્લેક ટ્રેપ ખનીજના ઉપભોક્તાઓએ સહન કરવો પડશે તે નીશ્ચિત છે.

ધોળીકુવાના સરકાર માન્ય કોન્ટ્રાક્ટર મિત આર. પરમારના જણાવ્યાનુસાર સરકાર દ્વારા બલેક ટ્રેપ ખનીજની રોયલ્ટીમાં ૧૦૦ ટકાનો ભાવ વધારો ઝીંકાતા રબ્બલ, મેટલ, કપચી સહિતના બાંધકામમાં ઉપયોગ થતાં માલ સામાનની કિંમત વધી જતાં તેનો સીધી અસર ખાસ કરીને ઘરનું સપનું સાકાર કરવાનું મોંઘું થશે.

**રસ્તા રોકો આંદોલનથી ૫ કિમી સર્જાયો હતો ચક્કાજામ**

# જૂનાગઢમાં વિદ્યાર્થીઓની ગાંધીગીરી સામે ઝૂક્યું તંત્ર



**અનેક ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા આખરે વિદ્યાર્થીઓએ પોતે આંદોલન કરવા રસ્તે ઉતરવાનો નિર્ણય લેવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જૂનાગઢ,તા.૦૧**

જૂનાગઢમાં વિદ્યાર્થીઓ દ્વારા ગાંધીમાર્ગે આંદોલન કરીને તંત્રને પરસેવો લાવી દેવાની ઘટના સામે આવી છે. અહીં છેલ્લા ઘણા સમયથી સ્કૂલે જતાં વિદ્યાર્થીઓ બસના સ્ટોપેજની માગણી કરી રહ્યા હતા. તેઓ છેલ્લા ઘણા સમયથી આ મામલે ફરિયાદ કરી રહ્યા હતા જેના કારણે તેઓ ઘણીવાર સ્કૂલે પહોંચવાનું ચૂકી જતા હતા. જોકે અનેક ફરિયાદો છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરવામાં આવતા આખરે વિદ્યાર્થીઓએ પોતે આંદોલન કરવા રસ્તે ઉતરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

જૂનાગઢના ડુંગરપુરમાં આ વિદ્યાર્થીઓ અચાનક જ માર્ગો પર ઊતર્યા અને તેમણે લાંબો ચક્કાજામ કરીને તંત્ર વિરુદ્ધ નારેબાજી શરૂ કરી દીધી. વિદ્યાર્થીઓના આંદોલનને પગલે લગભગ પાંચ કિ.મી. લાંબો ચક્કાજામ સર્જાયો હતો. જોકે સ્થાનિકો પણ વિદ્યાર્થીઓની માગને સમર્થન કરતા અને તંત્ર વિરુદ્ધ નારેબાજી કરતા દેખાયા હતા. તંત્રના અધિકારીઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. વિદ્યાર્થીઓનો આક્ષેપ છે કે, 'એસટી બસ અહીં સ્ટોપ કરતી નથી. જેથી અમારે સ્કૂલ જવામાં મુશ્કેલી પડી રહી છે. જ્યાં સુધી ડેપો મેનેજર નહીં આવે ત્યા સુધી રસ્તા રોકો આંદોલન યથાવત્ રહેશે.' ઘટનાને પગલે પોલીસ પણ ઘટનાસ્થળે ધસી આવી હતી.

ડુંગરપુરમાં એસટી બસનો સ્ટોપ ન આપતા વિદ્યાર્થીઓએ બસ રોકો આંદોલન કરી રસ્તો ચક્કાજામ કર્યો હતો. જેના કારણે જૂનાગઢ- બગસરા અને વિસાવદરનો રોડ ચાર કલાક સુધી બ્લોક થઈ જતા ૫ કિ.મી. ટ્રાફિક જામ સર્જાયો હતો. જોકે, જૂનાગઢ તાલુકા પોલીસ અને ન્ઝ્મ પોલીસની દરમિયાનગીરીથી સ્થળ પર ડેપો મેનેજર પહોંચ્યા હતા. વિદ્યાર્થીઓની માંગણી સંતોષી લેતા અંતે આંદોલન સમેટાયું હતું અને વાહનોની અવરજવર શરૂ કરાઈ હતી.

# પારડીથી પ્લાસ્ટિકના કોથળીમાં ભરેલ ૨.૮૫ લાખનો દારૂ ઝડપતી વલસાડ એલસીબી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**પારડી, તા.૦૧**

ગઈકાલે રાત્રે વલસાડ એલસીબી પોતાના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન પારડી વલ્લભ આશ્રમ સ્કૂલ નજીક આગળ ચાલી રહેલ ટાટા ટેમ્પા નંબર એમએચ ૪૮ જે ૦૪૩૮ને શંકાના આધારે આ ટેમ્પોને નજીક જઈ વલસાડ એલસીબીએ ઉભા રાખવાનું કહેતા ટેમ્પો ચાલકે પોતાનો સાઈડ પર ઉભો રાખી અંધારાનો લાભ લઈ ભાગી છૂટ્યો હતા.



ટેમ્પાના પાછળના ભાગે તપાસ કરતા પ્લાસ્ટિકની કોથળીઓમાં દારૂ તથા બિયરના બોક્સ ૨૯ બોક્ષ ૬૬૦ નંગ દારૂ બિયરનો જથ્થો કિંમત રૂપિયા ૨,૮૪,૧૬૦નો મળી આવ્યો હતો. આમ વલસાડ એલસીબીએ ૨,૮૪,૧૬૦નો દારૂ અને ૫,૦૦,૦૦૦ના ટેમ્પો મળી કુલ ૭,૮૪,૧૬૦નો મુદ્દામાલ કબજે લઈ મોટી સફળતા પ્રાપ્ત કરી છે.

# વાપી છરવાડા રામવાડીનો એકમાત્ર અવર જવર રોડ ખસ્તાહાલની સ્થિતિમાં



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા. ૦૧**

મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સમાવિષ્ટ છરવાડા રમઝાનવાડીના મુખ્ય પ્રવેશ દ્વારના આ માર્ગ કોઈક વિવાદને લઈ વર્ષોથી બિસ્માર હાલતમાં છે જેને લઈ અત્રેથી પસાર થનારા રાહદારી વાહન ચાલકોએ ભારે પરેશાની વેઠવાની નોબત આવી રહી છે.

છરવાડા રમઝાન વાડી વિસ્તાર જ્યારે ગ્રામ પંચાયત હસ્તક હતો, ત્યારે અહીં ગ્રામ પંચાયત તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન બજરી અને મેટલ નાંખી ખાળાઓ પુરવામાં આવતા હતા અને રાહદારી વાહનચાલકોને રાહત અનુભવાતી હતી. પરંતુ જ્યારથી છરવાડા રમઝાનવાળી વિસ્તાર મહાનગરપાલિકા હસ્તક આવ્યો છે. ત્યારથી જાણે આ વિસ્તારની ઘોર અવગણના તંત્ર દ્વારા કરવામાં આવી રહ્યાનો જણાઈ રહ્યું છે.

ચોમાસુ શરૂ થયાને ઘણા દિવસો વીતી ગયા છે અને આ માર્ગ ઉપર વરસાદી પાણીના ખાબોચિયાઓ ભરાઈ જતા અહીંથી પસાર થનારા રાહદારીઓ વાહન ચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે છતાં પણ મહાનગરપાલિકાના વહીવટદારોના પેટનું પાણી હાલતું નથી. આ વિસ્તાર જાણે અછૂત હોય તેમ મહાનગરપાલિકાના વહીવટદારો આ માર્ગ તરફ ધ્યાન દોરતા નથી અને જેમને તેમ બિસ્માર હાલતમાં છોડી દેવા હતા ભારે હાલાકી બેઠવાની નોબત અહીંના રહીશોની આવી રહી છે.

અત્રે ઉલ્લેખની છે કે, મહાનગરપાલિકાના વહીવટદારો આ માર્ગ ભલે રીપેરીંગ ના કરી શકે પરંતુ આ અહીં મસમોટા પડેલા ખાડાઓને પૂરવાની તસ્દી લે તો પણ અહીંથી પસાર થનારા લોકોને ઘણી રાહત થઈ શકે એમ છે.

મહાનગરપાલિકા દ્વારા જાહેર કરવામાં આવેલ કમ્પ્લેન નંબર પણ કોઈ સમયસર ઉઠાવતું નથી અને ઘણીવાર ફોન બંધ હાલતમાં હોય અહીંના લોકો ઓનલાઈન કમ્પ્લેન કરવા માટે પણ લાચાર હોવાનો સ્થાનિકો જણાવી રહ્યા છે.

# તાપીમાં વીજકરંટથી માતા-પુત્રીનું મોતઃ કપડાં સૂકવવા જતાં સર્જાઈ દુર્ઘટના

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તાપી, તા.૦૧**

ગુજરાતના તાપીમાંથી ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં માતા-પુત્રીનું વીજ કરંટના કારણે મોત નિપજ્યું છે. કપડા સૂકવતી વખતે વીજકરંટ લાગી જવાથી મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. માતા-પુત્રીના મોતથી પરિવાર અને ગ્રામજનોમાં શોકનો માહોલ છે.

તાપીના વ્યારામાં જેસીંગપુરા ગામમાં કપડા સૂકવતી વખતે કરંટ લાગવાથી માતા-પુત્રીનું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ, કપડાં સૂકવવાની પાઈપ સાથે ઈલેક્ટ્રિક વાયરનો સંપર્ક થયો હતો, જેમાંથી વીજ કરંટ પસાર થઈ રહ્યો હતો. જ્યારે બંને ત્યાં કપડા સૂકવવા માટે પહોંચ્યા તો પાઈપને અડકતા જ કરંટ લાગ્યો અને ઘટના સ્થળે જ માતા કૈલાશબહેન ગામિત અને ધનગોરી ગામિતનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. એકસાથે માતા અને પુત્રીના નિધનથી પરિવાર તેમજ ગ્રામજનોમાં શોકનો માહોલ છવાયો છે. ગ્રામજનો પરિવારને સાંત્વના આપવા માટે ઘરે આવી રહ્યા છે.

# એક વર્ષમાં ૯૬ લાખ દિવ્યાંગોએ એસટી બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ,તા.૦૧**

ગુજરાત એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે.દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઇ રહ્યા છે.જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં GSRTCની તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે.

આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને રૂ.૭૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યના નાગરીકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુકત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે.



ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ, દજારી સ્નાયુબદ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.દિવ્યાંગો દ્વારા નિગમની બસોમાં કરવામાં આવેલ વિનામૂલ્યે મુસાફરી સામે થયેલ ખર્ચની ગ્રાન્ટ સમાજ સુરક્ષા પ્રભાગ દ્વારા નિગમને આપવામાં આવે છે. વર્ષ-૨૦૨૪-૨૫ માં કુલ -૯૬૫૨૬૧૯ દિવ્યાંગ વ્યક્તિ અને કુલ-૧૩૨૭૭૮૪ દિવ્યાંગ વ્યક્તિઓના સહાયકો દ્વારા નિગમની બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો હતો.આમ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ અને દિવ્યાંગ સહાયક માટે મુસાફરી પેટે ૭૫ કરોડથી વધુની સહાય નિગમને આપવામાં આવી છે.

# હિમાચલના મંડીમાં આભ ફાટતાં તબાહીના દશ્ય સર્જાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**હિમાચલ પ્રદેશ,તા.૦૧**

પૂર અને વરસાદ વચ્ચે, હિમાચલ પ્રદેશમાં ભારે વિનાશ સર્જાયો છે. હિમાચલના મંડીના ધર્મપુર, લૌંગણીમાં વાદળ ફાટવાના સમાચાર સામે આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, કરસોગ ખીણમાં વાદળ ફાટવા જેવી સ્થિતિમાં ૭થી ૮ મકાન પાણીમાં વહી ગયા છે. અનેક વિસ્તારોમાં ગાડીઓ વહેતી હોય તેવી પણ તસવીરો સામે આવી છે. હાલ લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાંઆવીછે. વળી, કુલ્લુની બંજાર ખીણમાં તીર્થન નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. જ્યાં વરસાદ અને પૂરના કારણે અનેક રસ્તાઓ તૂટી ગયા છે.



કરસોગના મેગલીમાં નાળામાં પાણી ગામથી થઈને વહેવા લાગ્યો જેનાથી લગભગ ૮ ઘર અને બે ડઝનથી વધુ ગાડીઓ તેની લપેટમાં આવી ગઈ છે. પહાડોમાં નાળાઓએ એટલા ભયાનક સ્વરૂપે વહી રહ્યા છે કે, પાણી ગામડાંઓમાં ભરાઈ ગયા છે, જેના કારણે લોકો અડધી રાત્રે ઘરોમાંથી નીકળીને રસ્તા પર પહોંચી ગયા છે. હાલ, પહાડો પર સ્થિત પોલીસ કેમ્પમાં લોકોને રહેવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ધર્મપુરમાં નદીનું પાણી લગભગ ૨૦ ફૂટ ઉપર વહેવા લાગ્યું છે, જેના કારણે બજાર અને પોલીસ સ્ટેશન જળમગ્ન થઈ ગયા છે. થુનાગમાં મુખ્ય બજારના રસ્તામાં જ નાળું વહેવા લાગ્યું છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે, જેના કારણે લોકોને આખી-આખી રાત જાગવું પડ્યું હતું. અનેક વિસ્તારોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે લોકોને પોતાની ખાનગી વસ્તુઓનું નુકસાન વેઠવું પડી રહ્યું છે, વળી રસ્તા પર પરિવહન પણ ખોરવાઈ ગયું છે. સોમવારે ભારે વરસાદના કારણે રાજ્યમાં અનેક ઈમારતો તૂટી ગઈ હતી અને ભૂસ્ખલનના કારણે રસ્તા પર પણ અવરોધ ઊભા થયા છે. ભારે વરસાદના કારણે વાદળ ફાટવા, પૂર અને ભૂસ્ખલનના કારણે મંડીમાં ૧૨૯ અને સિરમૌર જિલ્લામાં ૯૨ સહિત રાજ્યમાં ૨૫૯ રસ્તા બંધ થઈ ગયા અને ૬૧૪ ટ્રાન્સફોર્મર તેમજ ૧૩૦ પાણી પુરવઠાની યોજનાઓ ખોરવાઈ. ૨૦ જૂને વરસાદના આગમન બાદથી અત્યાર સુધી રાજ્યમાં વરસાદ સાથે જોડાયેલી ઘટનાઓમાં ૨૩ લોકોના મોત થઈ ચૂક્યા છે. જોકે, પાણીમાં વહી જવાના કારણે અનેક લોકો ગુમ હોવાના માહિતી સામે આવી છે. તંત્ર દ્વારા હાલ તે લોકોની શોધખોળ કરવામાં આવી રહી છે.

હિમાચલ પ્રદેશમાં ચોમાસાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. ભારે વરસાદના કારણે જ્યાં નદી-નાળા ઉભરાઈ રહ્યા છે, ત્યાં પહાડોમાં તિરાડો અને રસ્તાઓ પર કાટમાળ પડવાથી લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પહેલી જુલાઈથી ૬ જુલાઈ સુધી હિમાચલ પ્રદેશમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આજે પણ વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. તંત્ર દ્વારા મંડીથી સ્થાનિક લોકો અને પ્રવાસીઓને કોઈપણ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવાની અપીલ કરી છે. તંત્રએ સાવચેતી આપતાં કહ્યું કે, આગામી થોડા કલાકોમાં વરસાદ હજુ વધી શકે છે એવામાં મુસાફરી કરવાથી બચો અને તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાઈઝરીનું પાલન કરો.

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# અદાણી લોજિસ્ટિક્સ દ્વારા ICD તુંબ અને ICD પાટલી વચ્ચે પ્રથમ ડબલ સ્ટેક રેકનો પ્રારંભ: તુંબ પાટલી ડબલ સ્ટેક કનેક્શન ગેમચેન્જર બનવા તૈયાર




**ડબલ સ્ટેક રેક કન્ટેનરના બેસ્તરો એક બીજા ઉપર સ્ટેક કરેલા પ્રતિ ટ્રીપ પરિવહન કાર્ગોના જથ્થામાં વધારો કરે છે તેનાથી માત્ર કાર્યકારી કાર્યક્ષમતામાં જ નહીં, પરંતુ વાપી, સેલવાસ અને દમણના ઉત્પાદન કેન્દ્રો અને દિલ્હી નેશનલ કેપિટલ રિજન (NCR), હરિયાણા અને પંજાબના વપરાશ કેન્દ્રો વચ્ચે કાર્યરત ગ્રાહકોનો પરિવહન સમય, કાર્બન ફૂટપ્રિન્ટ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં પણ ઘટાડો થાય છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**અમદાવાદ તા.૦૧**

નૂર ગતિશીલતાને પુનઃ વ્યાખ્યાયિત કરવા અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ (ALL) એ એક વિશાળ છલાંગ ભરી છે. ALL દ્વારા પ્રથમ ડબલ સ્ટેક રેક સેવા શરૂ કરવામાં આવી છે. જે વાપી (ગુજરાત) નજીકના ઈનલેન્ડ કન્ટેનર ડેપો (ICD) તુંબને હરિયાણાના ICD પાટલી સાથે જોડે છે. ઉચ્ચ કાર્યક્ષમતા, ટકાઉ લોજિસ્ટિક્સ તરફની ભારતની સફરમાં તે એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અદાણી લોજિસ્ટિક્સના મલ્ટિમોડલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવીનતામાં તે મોખરે રાખે છે.

ડબલ સ્ટેક રેક કન્ટેનરના બેસ્તરો એક બીજા ઉપર સ્ટેક કરેલા પ્રતિ ટ્રીપ પરિવહન કાર્ગોના જથ્થામાં વધારો કરે છે. તેનાથી માત્ર કાર્યકારી કાર્યક્ષમતામાં જ નહીં, પરંતુ વાપી, સેલવાસ અને દમણના ઉત્પાદન કેન્દ્રો અને દિલ્હી નેશનલ કેપિટલ રિજન (NCR), હરિયાણા અને પંજાબના વપરાશ કેન્દ્રો વચ્ચે કાર્યરત ગ્રાહકોનો પરિવહન સમય, કાર્બન ફૂટપ્રિન્ટ અને લોજિસ્ટિક્સ ખર્ચમાં પણ ઘટાડો થાય છે.

ALLના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે 'ફક્ત કન્ટેનર ખસેડવા માટે જ નથી પરંતુ તે ભારતની સપ્લાય ચેઈનના લાભને પૂરક વેગ આપવા મહત્ત્વપૂર્ણ છે, ડબલસ્ટેક રેલ સાથે અમે ગ્રાહકોને ઝડપી, હરિયાળી અને વધુ ખર્ચ અસરકારક સેવા આપી શકીએ છીએ.' આ પહેલ લોજિસ્ટિક્સમાં આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે એક પ્રેરણાદાયી ઉદાહરણ સ્થાપિત કરશે.

ICD Tumb અને ICD Patli વચ્ચેની વ્યૂહાત્મક કડીથી રોડ ફ્રેઈટમાં ભીડ ઓછી થવાની, પ્રતિ કન્ટેનર ૩૦ ટકા સુધી ઉત્સર્જનમાં ઘટાડો થવાની અને ગુજરાતમાં મુન્દ્રા અને હજીરા જેવા પશ્ચિમી બંદરો દ્વારા નિકાસ આયાત ટ્રાફિકને સુવ્યવસ્થિત થવાની અપેક્ષા છે. દક્ષિણ ગુજરાત અને ઉત્તર ભારતના ઉદ્યોગો ખાસ કરીને કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, ઈલેક્ટ્રોનિક્સ અને રસાયણો માટે આ કોરિડોર બેજોડ ગતિ, વિશ્વસનીયતા અને માપનીયતા પ્રદાન કરે છે.

ભારત લોજિસ્ટિક્સ ખર્ચને તેના કુલ સ્થાનિક ઉત્પાદન (GDP)ના ૧૪ ટકાથી ઘટાડીને ૧૦ ટકા સુધી લાવવાનું લક્ષ્ય ધરાવે છે, ત્યારે ડબલ સ્ટેક રેલ જેવી નવીનતાઓ મહત્ત્વપૂર્ણ છે. અદાણી લોજિસ્ટિક્સ પહેલાથી જ મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ પાર્ક, ICD અને વેરહાઉસનું નેટવર્ક ચલાવે છે, તેના માટે આ લોન્ચ એક સીમાચિહ્નરૂપ કરતાં વધુ છે.

જેમ જેમ માલની માંગ વધશે, તેમ તેમ તુંબ પાટલી ડબલ સ્ટેક કનેક્શન ગેમચેન્જર બનવા તૈયાર છે. તે ભારતના ઉત્પાદન કરોડરજ્જુને વપરાશના કેન્દ્ર સાથે જોડે છે. દેશના સૌથી મોટા પોર્ટ ઓપરેટર, અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ)નો ભાગ અદાણી લોજિસ્ટિક્સ લિમિટેડ આ પહેલ દ્વારા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને વધુ મજબૂત બનાવી રહી છે.

# વાપીમાં મહિલાએ પુલ ઉપરથી છલાંગ લગાવી



**ગામના યુવાનોએ બહાદુરીપૂર્વક મહિલાનો જીવ બચાવ્યો**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

વાપીમાં મંગળવારે સવારના સુમારે એક મહિલાએ પુલ ઉપરથી અચાનક છલાંગ લગાવી દીધી હતી. ઘટના ઘટી તે દરમિયાન સ્થાનિક ગામના યુવાનો અવરજવર કરી રહ્યા હતા. તેમનું ધ્યાન જતા બહાદુરીપૂર્વક પાણીમાં કુદીને મહિલાને ઉગારી લેતા જીવ બચ્યો હતો.

વાપીમાં પુલ ઉપરથી મહિલાએ છલાંગ માર્યાની ઘટનાની જાણ બાદ પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. પાણીમાં બહાર કાઢવામાં આવેલી મહિલાને પ્રાથમિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં મેડિકલ તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે તપાસ હાથ ધરી હતી કે મહિલાએ આત્મહત્યાની કોશિષ કેમ કરી? બીજી તરફ ગામના યુવાનોની બહાદુરી અને સાહસને લોકોએ સરાહના કરી હતી. સમયસર મદદ મળી જતા એક જીંદગી બચી ગઈ હતી.

# જમીન સંપાદનથી અસરગ્રસ્ત વ્યક્તિઓ માટે દમણ જિલ્લા વહીવટી તંત્રએ યોજેલી ખુલ્લી શિબિર





**વળતર પ્રક્રિયાને સરળ બનાવવા માટે વિવિધ મહેસૂલી વિભાગો દ્વારા સ્થળ ઉપર જ પૂરી પાડવામાં આવી સેવા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૧**

નાગરિકોને ધ્યાનમાં રાખીને કામ કરવાની પહેલ અંતર્ગત દમણ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આજે મોટી દમણ કલેક્ટરાલયમાં વિશેષ ખુલ્લી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર તાજેતરના સંપાદન કાયદાની કલમ ૨૩ અને ૩૧ અંતર્ગત મરવડ ગ્રામ પંચાયતમાં ICGAS, દમણ માટે રનવે ૦૩/૨૧ના વિસ્તરણ માટે ૪૦૦ મીટર×૩૦૦ મીટર (૧૧૯૭૧૮.૦૦ વર્ગ મીટર) જમીન સંપાદનથી પ્રભાવિત લોકોને સરળતાથી વળતર પુરૂં પાડવાના ઉદ્દેશ્યથી આયોજીત કરવામાં આવી હતી.

આ ખુલ્લી શિબિરમાં દમણ જિલ્લાના વિવિધ મહેસૂલી વિભાગ તરફથી સ્થળ ઉપર જ સેવા પુરી પાડવામાં આવી હતી. જેમાં જમીન વિભાગ, મામલતદાર કચેરી, સબ-રજીસ્ટ્રેશન કચેરી અને એકાઉન્ટ્સ વિભાગ સહિત ઘણા વિભાગોએ આ શિબિરમાં સક્રિયપણે ભાગ લીધો હતો અને અસરગ્રસ્ત પક્ષોને મદદ કરી હતી. જેમાં ખુલ્લી શિબિરમાં શૂન્ય બોજ પ્રમાણપત્ર જારી કરવું, ફોર્મ-I અને XIVની નકલો પૂરી પાડવી અને જરૂરી દસ્તાવેજો સાથે વળતરના દાવાઓની સ્વીકૃતિ વગેરેની સેવાઓ અસરગ્રસ્તોને બહાલ કરવામાં આવી હતી.

દરમિયાન અસરગ્રસ્ત જમીનધારકોને જરૂરી આવશ્યક દસ્તાવેજો મેળવવા પડતી તકલીફોનું સમાધાન પણ સ્થળ ઉપર જ કરવામાં આવ્યું હતું. જેમાં તેઓને વારંવાર વિવિધ કાર્યાલયોના ચક્કર કાપવામાંથી મુક્તિ મળી.

આ શિબિરનો મોટાભાગના અસરગ્રસ્ત પક્ષોને લાભ મળ્યો, જેના કારણે તેમને એક જ જગ્યાએ અને એક જ દિવસમાં તેમની વળતર પ્રક્રિયા પૂર્ણ કરવામાં મદદ મળી. જેમને શિબિરમાં હાજરી આપવાની તક મળી ન હતી તેમને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી કે તેઓ કોઈપણ કાર્યકારી દિવસે દમણના કલેક્ટર કચેરીના ડિસ્પેચ વિભાગમાં તેમની અરજીઓ અને જરૂરી દસ્તાવેજો સબમિટ કરી શકે છે.

વહીવટીતંત્રો એવી પણ ખાતરી આપી છે કે ભવિષ્યમાં જરૂર પડ્યે આવા શિબિરોનું આયોજન કરવામાં આવશે, જેથી નાગરિકોને સતત સહાય અને ઝડપી સેવા પૂરી પાડી શકાય. એમ દમણ જિલ્લા પ્રાદેશિક પ્રચાર અધિકારી શ્રી પ્રિયાંશુ સિંહની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

# ઉમરગામ જીઆઈડીસીની કંપનીમાં લોખંડનો શેડ પડતા ૯ કર્મચારી દબાયા: એકનું મોત

**જીબી પેક પ્રા. લિ. કંપનીના શેડ પર પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગો મુકવાના કારણે ઘટેલી ઘટના**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી,તા.૦૧**

વાપીના ઉમરગામ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી કંપનીમાં મંગળવારે (પહેલી જુલાઈ) સવારે અચાનક લોખંડનો શેડ તુટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં નવ કર્મચારીઓ કાટમાળમાં દબાય ગયા હતા, જેમાં એકનું મૃત્યુ નિપજ્યું થયું હતું. જ્યારે ચારને સામાન્ય અને ત્રણ કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. શેડ પર પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગો મુકવાને કારણે ઘટના બનતા કંપનીની ગંભીર બેદરકારી સામે આવી છે. મળતી માહિતી અનુસાર, ઉમરગામ જીઆઈડીસીના પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી જીબી પેક પ્રા.લિ. નામક કંપની આવેલી છે. મંગળવારે સવારે કંપનીમાં ઊભો કરાયેલો લોખંડનો શેડ અચાનક તુટી પડતા નજીકમાં કામ કરતા નવ કર્મચારીઓ કાટમાળમાં દબાય ગયા હતા. આ ઘટનાને પગલે ભારે દોડધામ મચી ગઈ હતી. મેનેજર, સહ કર્મચારી સહિત લોકો દોડી ગયા હતા. ઘટનાની જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને એક પછી એક નવ કર્મચારી મનમહેન્દ્ર દાસ, શુભમ કુસ્વાહ, અમરનાથ સરોજ, શુભ લાડ, સુરેન્દ્ર બેહેરીયા, સાજીદ ખાન, વિકાસ ચૌધરી અને ભાવિન જોશીને બહાર કાઢ્યા હતા. જો કે, ભાવિન જોશીને ગંભીર ઈજા થતા મોત નિપજ્યુ હતું. ચાર કર્મચારીને સામાન્ય ઈજા થઈ હતી, જ્યારે ત્રણને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે ઉમરગામ પોલીસ મથકના પી.આઈ. ચૌધરી અને ટીમ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. લોખંડના શેડ પર પ્લાસ્ટિકના દાણા ભરેલી બેગ મુકવાના કારણે વજન વધી જતા ચોમાસામાં પવન અને વરસાદને કારણે શેડ તુટી પડ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# દમણ-દીવ ફોરેસ્ટ ગાર્ડ ગુરૂદાસ ગાંવકરને વન વિભાગ દ્વારા અપાયું નિવૃત્તિ વિદાયમાન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૦૧**

દમણ-દીવ અને દાદરા નગર હવેલી વન વિભાગમાં ફોરેસ્ટ ગાર્ડ તરીકે સેવા આપી રહેલા શ્રી ગુરૂદાસ ગાંવકર વયમર્યાદાના કારણે નિવૃત્ત થતાં વન વિભાગ દ્વારા સમારંભ યોજી તેમની સેવાને બિરદાવવામાં આવી હતી.

હાજર રહેલા અધિકારીઓએ ફોરેસ્ટ ગાર્ડ શ્રી ગુરૂદાસભાઈના કાર્યકાળના અનુભવો તથા એમની ફરજનિષ્ઠાને બિરાદાવવામાં આવી હતી. શ્રી ગુરૂદાસભાઈએ પણ પોતાની નોકરીના અનુભવોનું વર્ણન કર્યું હતું. વન વિભાગના અધિકારીઓ અને વન વિભાગ પરિવારે શ્રી ગુરૂદાસભાઈ ગાંવકરને શ્રીફળ શાલ આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે સીસીએફ શ્રી સંજય કે. વરાડકર, સીએફ શ્રી બી. મોહનદાસ, ડીસીએફ શ્રી જોજોપી અલ્લાપટ્ટ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસર શ્રી કૈલાશ એસ. ગાયકવાડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પારડી ટુકવાડાના ઈસમ સાથે રૂ.૧,૪૨,૦૦૦ની સાયબર ઠગાઈ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૧**

ઓનલાઈન કરેલ કપડાનું પેમેન્ટ બાકી હોવાનું જણાવી અજાણ્યા નંબરથી બારકોડ મોકલી ફરીથી પેમેન્ટ કરવા જણાવ્યું હતું.

પારડીના ટુંકવાડા યોગી પાર્ક ખાતે રહેતા મૂળ ગોંડલના એવા ઈવેન્ટનું કામકાજ કરતા હાર્દિકભાઈ રમેશભાઈ ગોંડલીયાએ તા.૨૭/૬/૨૦૨૫ના રોજ ફ્લિપકાર્ટથી કપડાની ખરીદી કરી ૪૫૨નું ઓનલાઈન પેમેન્ટ કર્યુ હતું. પરંતુ તારીખ ૩૦/૬/૨૦૨૫ના રોજ એક અજાણ્યા નંબરથી ફોન કરી તેઓનું પેમેન્ટ ન થયું હોવાનું જણાવી ફરીથી પેમેન્ટ કરશો તો જ કપડાં મળશે હોવાનું જાણ કરી એક બારકોડ મોકલાવ્યો હતો. જેને લઈ હાર્દિકભાઈએ ફરીથી ૪૫૦ રૂપિયાનું પેમેન્ટ આ બારકોડ દ્વારા કર્યુ હતું. પરંતુ ત્યારબાદ તેઓએ પોતાનું સ્ટેટમેન્ટ ચેક કરતા તેમના ખાતામાંથી ટુકડે ટુકડે ૧,૪૨,૦૧૬ જેટલી રકમ કપાઈ ગઈ હતી.

જેને લઈ પ્રથમ સાયબર ક્રાઈમ ઓફિસ ૧૯૩૦૫૨ પર જાણ કર્યા બાદ તેઓએ આજરોજ પારડી પોલીસ સ્ટેશન ખાતે પોતાના મિત્ર બ્રિજેશભાઈ જોડે આવી આ સાયબર ક્રાઈમ દ્વારા થયેલ ઠગાઈ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

# વાપીથી ગુમ થયેલી ૧૨ વર્ષિય બાળકી સલામત રીતે મુંબઈથી મળી આવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો

**હીર પટેલ તા.૩૦ જૂનના રોજ ગુમ થઈ હતી, પરિવારે સુરક્ષિત શોધી આપનાર માટે રૂા.૧ લાખનું ઈનામ જાહેર કર્યું હતું**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

વાપીમાં ગત તા.૩૦મી જૂને સાંજના સમયે ૧૨ વર્ષની બાળકી હીર પટેલ ગુમ થઈ હતી. છેલ્લે વીડા ૩૬૦ વિસ્તારમાં ૭:૩૦ વાગ્યે જોવા મળી હતી. બાળકી ગુમ થયા બાદ પરિવાર ઉપર આભ તૂટી પડ્યું હતું. સોશિયલ મીડિયામાં બાળકી ગુમ થયાની જાણકારી આપી હતી. બાદમાં સદ્નસીબે બાળકી મુંબઈ બોરીવલીથી સુરક્ષિત શોધી દેવાઈ હતી. પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો.

બાળકી હીર પટેલ ગુમ થયા બાદ પ્રશાસન અને લોકો એક્ટિવ થઈ ગયા હતા. ખાસ કરીને સોશિયલ મીડિયામાં વાઈરલ વિડીયો કારગત નિવડ્યો હતો. પોલીસની સતર્કતા આધિન બાળકી હીર પટેલને મુંબઈથી શોધી કઢાઈ હતી.

પરિવારે ગંભીરતાને ધ્યાને લઈને બાળકીને સુરક્ષિત શોધી આપનાર માટે રૂા.૧ લાખનો એવોર્ડ પણ જાહેર કર્યો હતો. બાળકી ગુમ થયાની ઘટનાએ એ સાબિત કર્યું હતું કે, સામુહિક જાગૃકતા અને તેજ કાર્યવાહીથી કોઈપણ સંકટનો સામનો થઈ શકે છે.

બાળકીને બોરીવલી મુંબઈથી સરકારી અધિકારીઓની નિગરાની હેઠળ વાપી સહી સલામત લાવીને પરિવારને સોંપવામાં આવી હતી. પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો.

# વલસાડના મગોદ ગામે તળાવમાં માછલી પકડવા ગયેલ યુવાનનું ડૂબી જતા કરૂણ મોત નિપજ્યું



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૧**

વલસાડના મગોદ ગામે આજે મંગળવારે સવારે ગામનો યુવાન તળાવમાં માછલી પકડવા ગયો હતો. તળાવના પાણીમાં પગ લપસી જતા પાણી ઊંડું હોવાથી યુવાન પાણીમાં ડૂબી જતા યુવાનનું કરૂણ મોત નિપજતા ગામમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

વલસાડના મગોદ ગામે કુવા ફળીયામાં રહેતો ૩૨ વર્ષિય વિજય અરૂણભાઈ હળપતિ ગામના બળેશ્વર મંદિર તળાવમાં આજે માછલી પકડવા ગયો હતો. માછલી પકડવા તળાવમાં ઉતરતા વિજયનો અચાનક પગ લપસ્યો હતો તેથી ઊંડા પાણીમાં ડૂબી ગયો હતો.

ઘટનાની જાણ સરપંચના પતિને થતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી ગ્રામજનોના સહકારથી ડૂબી ગયેલ યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. મૃતદેહને વલસાડ સિવિલમાં પોસ્ટ મોર્ટમ માટે ખસેડી આગળની વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# વલસાડ જિલ્લામાં ૮૭ મેડિકલ સ્ટોરમાં ગેરરીતિ જણાતા પરવાના સ્થગિત કરાયા

**કુલ પાંચ પ્રકારની વિવિધ ગેરરીતિઓ જોવા મળતા કડક કાર્યવાહી હાથ ધરાઈ**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૦૧**

વલસાડ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જિલ્લામાં ઔષધ નિરીક્ષકોની તપાસના આધારે છેલ્લા છ માસમાં કુલ ૮૭ મેડિકલ સ્ટોરના પરવાના સ્થગિત કરવામાં આવ્યા છે.

આ સમગ્ર દવાની દુકાનોમાં મુખ્યત્વે નીચે મુજબની ખામીઓ જોવા મળી હતી. (૧) દવાની દુકાનોમાં રજીસ્ટર ફાર્માસીસ્ટની ગેરહાજરીમાં દવાઓનું વેચાણ, (૨) વેચાણબીલ બનાવ્યા વગર દવાઓનું વેચાણ, (૩) માન્ય ડોકટરના પ્રિસ્ક્રિપ્શન વગર એન્ટીબાયોટીક દવાઓનું વેચાણ (૪) અમુક દવાની દુકાનોમાં ફ્રીઝ બંધ હતા અથવા તો ફ્રિજમાં યોગ્ય ઠંડક ન હતી. ઠંડકમાં રાખવાની દવાઓ માટે ફ્રીઝ જરૂરી છે. જો દવાઓને યોગ્ય ઠંડકમાં ન રાખવામાં આવે તો તેની ગુણવત્તાને અસર થઈ શકે છે અને (૫) શિડ્યુલ-એચ-૧માં સમાવિષ્ટ દવાઓના વેચાણ બાદ અલગથી તેના રજીસ્ટર નિભાવ્યા ન હતા. આવી ઘણી ખામીઓ જોવા મળતા વલસાડ જિલ્લામાં છેલ્લા છ માસમાં કુલ ૮૭ દવાની દુકાનોને નોટીસ પાઠવી પરવાનાઓ સ્થગિત કરવામાં આવ્યા હતા.

ખોરાક અને ઔષધ નિયમન તંત્રના વલસાડ જિલ્લાના મદદનીશ કમિશનરશ્રીએ જણાવ્યું કે, આવી રીતે ચાલતી જિલ્લાની અન્ય મેડિકલ સ્ટોરોમાં પણ સમયાંતરે વધુ તપાસ કરવામાં આવશે.